RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 14-10-2026 I VOL : 12 I Issue : 209 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

જે હારથી ડરે છે તે જીતની મજા ક્યારેય માણી શકતો નથી. ”

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  ગોરવાના સોના પાર્ટી પ્લોટમાં નવરાત્રી નિમિત્તે ગરબાની રમઝટ, 15 હજારથી...

4  સાઉદી અરેબિયામાં યુદ્ધ જેવી સ્થિતિ! હુથીઓના હુમલા વચ્ચે ક્રાઉન...

6  ધુરંધરની સરખામણીમાં આયુષ્માન ખુરાનાની ઉડતા તીરનું બીજુ ટ્રેલર રિલીઝ

7  અભિષેકએ સૌથી ઝડપી 2000 ટી-20 રન બનાવ્યા

## એક નજર...

### અભિનેત્રી પ્રજ્ઞા જયસ્વાલએ આપ્યા ગ્લેમરસ પોઝ



પ્રજ્ઞા જયસ્વાલ એક સફળ ભારતીય મોડેલ અને જાણીતી અભિનેત્રી છે, જે મુખ્યત્વે તેલુગુ અને હિન્દી સિનેમામાં તેના શાનદાર અભિનય માટે ઓળખાય છે. તેણીએ કાયદાનો અભ્યાસ કરતી વખતે મોડેલિંગ ક્ષેત્રે ઝંપલાવ્યું હતું અને ફેમિના મિસ ઈન્ડિયા સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. તેણીએ કાયદાનો અભ્યાસ કરતી વખતે મોડેલિંગ ક્ષેત્રે ઝંપલાવ્યું હતું.

## NEWS TRACK

### ચીનની અવળચંડાઈ, લદ્દાખના 28 સ્થળોને પોતાના ગણાવ્યાં:ભારતે નામ બદલ્યાં તો વાંધો ઉઠાવ્યો

ચીને લદ્દાખની 28 જગ્યાઓ પર પોતાનો દાવો કર્યો છે. ચીને મંગળવારે આ જગ્યાઓનાં નામ નક્કી કરવાના ભારતના નિર્ણય સામે પણ વાંધો ઉઠાવ્યો. ચીને કહ્યું કે આ વિસ્તારો અમારા છે અને ભારત નામ બદલવાથી કે નવું નામ રાખવાથી જમીન પરનો માલિકી હક બદલાશે નહીં. ભારતે 2 ઓક્ટોબરે આ જગ્યાઓનાં નામ સત્તાવાર રીતે નક્કી કર્યા હતા. તેમાં ગોગરા અને હોટ સ્પ્રિંગ જેવા વિસ્તારો પણ સામેલ છે, જ્યાં 2020માં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે તણાવ થયો હતો. ચીન બોલ્યું- લદ્દાખને ભારતનું કેન્દ્રશાસિત પ્રદેશ માનતા નથી ચીનના વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા માઓ નિંગે મંગળવારે કહ્યું કે ચીન લદ્દાખને ભારત દ્વારા બનાવવામાં આવેલું કેન્દ્રશાસિત પ્રદેશ માનતું નથી. ચીને ભારતના આ પગલાને ગેરકાયદેસર ગણાવતા કહ્યું કે સરહદના પશ્ચિમ ભાગના આ વિસ્તારો તેના છે. માઓના જણાવ્યા મુજબ, ભારતના આ નિર્ણયથી સરહદના પશ્ચિમ ભાગમાં આવેલા તે વિસ્તારો પર ચીનનો દાવો બદલાઈ શકતો નથી, જેને તે પોતાનો વિસ્તાર માને છે.

### પાકિસ્તાનમાં ટ્રેન પાટા પરથી ઉતરી, 6નાં મોત:30 લોકો ઘાયલ, કરાચીથી પેશાવર જઈ રહી હતી

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં મંગળવારે સવારે કરાચીથી પેશાવર જઈ રહેલી રહમાન બાબા એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ. આ અકસ્માતમાં 6 લોકોનાં મોત થયા છે, જ્યારે 30 લોકો ઘાયલ થયા છે. ટ્રેન સવારે લગભગ 5:15 વાગ્યે શેર શાહ વિસ્તારમાં પાટા પરથી ઉતરી હતી. બચાવ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત સ્થળેથી 13 ડબ્બાઓને હટાવવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં રેલવે અકસ્માતોનો સિલસિલો જૂનો છે. અહેવાલો અનુસાર, છેલ્લા 5 વર્ષમાં દેશમાં 500થી વધુ રેલવે અકસ્માતો નોંધાયા છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે અકસ્માતમાં ઘાયલ મુસાફરો અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે સંબંધિત અધિકારીઓને બચાવ કામગીરી ઝડપી કરવાનો નિર્દેશ આપ્યો. તેમણે અધિકારીઓને ઘાયલોને વિલંબ કર્યા વિના શક્ય તેટલી સારી સારવાર પૂરી પાડવા પણ જણાવ્યું છે. ટ્રેન પાટા પરથી ઉતરવાનું કારણ હજુ સત્તાવાર રીતે સામે આવ્યું નથી. બચાવ કામગીરી આગળ વધવા સાથે પાકિસ્તાન રેલવે અને સંબંધિત અધિકારીઓ વધુ માહિતી આપી શકે છે.

### રાહુલ ગાંધીના નિવાસે INDIA ગઠબંધનની બેઠક: સરકાર વિરુદ્ધ રણનીતિ જાહેર, CECના રાજીનામાની માગ

# રાહુલ ગાંધીએ કહ્યું- જ્ઞાનેશનું રાજીનામું અમારું મિશન: વિપક્ષ બોલ્યો- વોટ સાથે ધરણાસ્થળ પણ ચોરાઈ રહ્યા છે

નવી દિલ્હી



દિલ્હીમાં રાહુલ ગાંધીના નિવાસસ્થાને INDIA બ્લોકની બેઠક બાદ વિપક્ષી નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ કરી. રાહુલ ગાંધીએ કહ્યું- દેશમાં લોકશાહીને બરબાદ કરવામાં આવી રહી છે અને આ લડાઈ અલગ-અલગ નથી, પરંતુ એક જ આંદોલન છે. તેમણે કહ્યું- મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશનું રાજીનામું અમારું મિશન છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- વોટ ચોરીના પ્લાનને ઉજાગર કરવા માટે વિપક્ષ સાથે મળીને ઊભો છે. તેજસ્વી યાદવ, સુપ્રિયા સુલે સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓના નેતાઓએ આરોપ લગાવ્યો કે વોટની સાથે હવે ધરણાસ્થળ પણ ચોરાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે સામાન્ય લોકોના અધિકારોનું રક્ષણ કરવા અને લોકશાહી બચાવવા માટે આંદોલન ચાલુ રહેશે. રાહુલે પોતાના નિવાસસ્થાને વિપક્ષી નેતાઓ અને વિદ્યાર્થી સંગઠનોને ટી-પાર્ટી ચર્ચા માટે બોલાવ્યા હતા. બેઠકમાં જ્ઞાનેશ કુમાર અને SIRના વિરોધમાં આંદોલનને આગળ વધારવાની રણનીતિ પર ચર્ચા થઈ. વિપક્ષે જ્ઞાનેશ કુમાર સામે કાર્યવાહીની માગ કરતા કહ્યું કે તેઓ પોતાની લડાઈ ચાલુ રાખશે. રાહુલ ગાંધીએ કહ્યું- વિપક્ષનો સંઘર્ષ ચાલુ રહેશે અને તે પોતાના લક્ષ્ય સુધી પહોંચીને જ રહેશે. તેમણે કહ્યું કે તેમાં કાલે, પરમદિવસે કે બે વર્ષ પણ લાગી જાય, તેમની ટીમ રોકાવાની નથી. તેમણે કહ્યું- જે ઊર્જા, તાકાત અને એકજૂથતા સાથે અમે આંદોલન કર્યું છે, એ જ ભાવના સાથે મળીને લડતા રહીશું. AISA અધ્યક્ષ નેહા બોરાએ કહ્યું- જો BJP એવું વિચારે છે કે તે લોકશાહીના પાયા પર હુમલો કરી શકે છે અને જ્યારે લોકો પોતાના મતદાનના અધિકારોની માગ માટે રસ્તાઓ પર ઉતરે, ત્યારે તેમનો વિરોધ કરવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવશે અને તેઓ ચૂપ રહેશે.

## કેન્દ્રીય મંત્રી એલ. મુરુગને મોદી કેબિનેટમાંથી આપ્યું રાજીનામું

નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી એલ. મુરુગને મંત્રીમંડળ અને રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું છે. વડાપ્રધાન મોદીને પત્ર લખી, તેમણે 2029ની લોકસભા ચૂંટણી પહેલાં તમિલનાડુમાં ભાજપને મજબૂત કરવા સંપૂર્ણ સમય આપવાની ઈચ્છા વ્યક્ત કરી. મૂળ ખેતમજૂર પરિવારના મુરુગન હવે રાજ્યમાં સંગઠન વિસ્તરણ માટે કાર્યકર્તાઓ સાથે જમીની સ્તરે કામ કરશે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ તેમજ સંસદીય કાર્ય રાજ્યમંત્રી એલ. મુરુગને મંત્રી કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું છે. આ સાથે તેમણે રાજ્યસભાની સદસ્યતા છોડવાની પણ મંજૂરી માંગી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોકલેલા પત્રમાં તેમણે મંત્રી પદની જવાબદારીમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે અને જણાવ્યું છે કે, તેઓ હવે તમિલનાડુમાં સંગઠનને મજબૂત કરવા સંપૂર્ણ સમય ફાળવવા માંગે છે. એલ. મુરુગને પત્રમાં સ્પષ્ટતા કરી છે કે, તેમનો મુખ્ય હેતુ 2029ની લોકસભા ચૂંટણી પહેલાં તમિલનાડુમાં પક્ષનો પાયો વધુ મજબૂત કરવાનો છે. તેમણે પત્રમાં લખ્યું કે, 'હું દરેક ગામ અને શેરીઓમાં જવા માંગુ છું, લોકો સાથે મુલાકાત કરવા માંગુ છું, અમારા કાર્યકરોની સાથે ઊભા રહીને રાજ્યના ખૂણે-ખૂણે પક્ષની પહોંચ વધારવા માંગુ છું. તેથી મને રાજ્યમંત્રી પદની જવાબદારીમાંથી મુક્ત કરી રાજ્યસભા છોડવાની પરવાનગી આપો.' પોતાના પારિવારિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરતાં મુરુગને જણાવ્યું કે, તેમના માતા-પિતા ખેતમજૂર અને પશુપાલક રહ્યા છે અને આજે પણ ગામમાં સાદું જીવન જીવે છે. તેમણે પત્રમાં લખ્યું કે, 'દૈનિક મજૂરી કરતાં પરિવારમાંથી આવીને વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળમાં કામ કરવાની તક મળવી એ મારા જીવનનું સૌથી મોટું સૌભાગ્ય રહ્યું છે.

## કોંગ્રેસના 25 ધારાસભ્યો પક્ષ બદલવા તૈયાર હોવાનો ભાજપનો દાવો; ડીકે શિવકુમારનો જવાબ- અત્યારે જ લઈ જાઓ

મૈસુર

કર્ણાટકના રાજકારણમાં કોંગ્રેસના ધારાસભ્યોને પક્ષપલટો કરાવવાના દાવાને લઈને નવો વિવાદ ઊભો થયો છે. કર્ણાટક ભાજપના પ્રદેશ અધ્યક્ષ બીવાય વિજયેન્દ્રએ દાવો કર્યો છે કે અત્યારે ચૂંટણી યોજાય તો કોંગ્રેસના 25 ધારાસભ્યો, જેમાં મંત્રીમંડળના સભ્યોનો પણ સમાવેશ થાય છે, ભાજપમાં જોડાઈ જશે. તેમના આ નિવેદન પર મુખ્યમંત્રી ડીકે શિવકુમારે કટાક્ષ કરતાં કહ્યું કે ભાજપે સમય બગાડ્યા વિના આ નેતાઓને પોતાના પક્ષમાં સામેલ કરી લેવા જોઈએ. પત્રકારો સાથેની વાતચીત દરમિયાન વિજયેન્દ્રને સવાલ કરવામાં આવ્યો હતો કે શું ભાજપ સત્તાધારી કોંગ્રેસના મંત્રીઓને પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ કરી રહી છે? તેના જવાબમાં તેમણે કહ્યું કે ભાજપને કોઈને પક્ષમાં લાવવાની જરૂર નથી, પરંતુ રાજ્યમાં રાજકીય વાતાવરણ ભાજપની તરફેણમાં બદલાયું છે.

## CJP નેતા સૌરવ દાસ તેમજ આશુતોષ રાંકાની ફરી અટકાયત

### જંતર-મંતર પર તિરંગો લહેરાવી રહ્યા હતા, ગઈકાલથી જ અહીં પ્રદર્શન પર પ્રતિબંધ મૂકાયો હતો

નવી દિલ્હી



દિલ્હી પોલીસે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતા સૌરવ દાસ અને આશુતોષ રાંકાની અટકાયત કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ પોતાના કેટલાક સાથીઓ સાથે દિલ્હીના જંતર-મંતર પહોંચ્યા હતા. ખરેખરમાં, હવે જંતર-મંતર પર પ્રદર્શન કરી શકાશે નહીં. કેન્દ્ર સરકારે સોમવારે તેને નિર્ધારિત પ્રદર્શન સ્થળોની યાદીમાંથી હટાવી દીધું હતું. ગૃહ મંત્રાલય દ્વારા બનાવવામાં આવેલી સમિતિની ભલામણ પર દિલ્હીના રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને પૂર્વી દિલ્હીના CBD ગ્રાઉન્ડને પ્રદર્શન સ્થળ બનાવવામાં આવ્યા છે. આ વર્ષે રામલીલા મેદાન માત્ર 29થી 31 ડિસેમ્બર સુધી જ ખાલી છે. આ પહેલાં 10 ઑક્ટોબરે પાર્ટીના પ્રદર્શન દરમિયાન કૉકરોચ જનતા પાર્ટીના નેતાઓની ફ્લાઈટમાંથી અટકાયત કરવામાં આવી હતી કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સોમવારે દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે પોલીસને જંતર-મંતર પર પ્રદર્શન માટે તારીખ અને સમય નક્કી કરવા કહ્યું હતું. પાર્ટીએ 24 કલાકની અંદર જવાબ આપવાની માંગ કરી હતી.

# પાક્કો ગુજરાત ન્યૂઝની એક્ઝિટ પોલ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી: ગાંધીનગર મનપામાં ભાજપનો ભવ્ય વિજય, આપનું ધોવાણ!

### "અમે જે કહ્યું હતું તે જ ઈતિહાસ રચાયો!" : 11મી ઓક્ટોબરે જાહેર થયેલો 'પાક્કો ગુજરાત'નો એક્ઝિટ પોલ બિલકુલ સચોટ સાબિત થયો; ભાજપે 38 બેઠકો સાથે સત્તા જાળવી જ્યારે 'આપ' ખાતું પણ ન ખોલાવી શકી!

ગાંધીનગર (ખાસ પ્રતિનિધિ)

ગુજરાતના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) ની ચૂંટણીના આજે આવેલા સત્તાવાર પરિણામોએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે પત્રકારત્વ અને જનતાના નાડી પારખવામાં જો કોઈ સૌથી આગળ હોય, તો તે માત્ર 'પાક્કો ગુજરાત ન્યૂઝ' છે.

ગત ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પેપર દ્વારા પોતાના ખાસ એક્ઝિટ પોલ (Exit Poll) માં જે આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા, આજે મતગણતરીના અંતે આવેલા અસલી પરિણામોએ બિલકુલ એ જ આંકડાઓ પર સિક્કો મારી દીધો છે. આપણું સચોટ વિશ્લેષણ ફરી એકવાર સો ટકા સાચું સાબિત થયું છે!

'પાક્કો ગુજરાત'ના એક્ઝિટ પોલ અને અસલી પરિણામોની તુલના:





આપના લોકપ્રિય અખબાર 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા ૧૧/૧૦/૨૦૨૬ના અંકમાં જે અંદાજ મૂકવામાં આવ્યો હતો, તેની સરખામણી જોઈ લો:

ભારતીય જનતા પાર્ટી (BJP): પાક્કો ગુજરાતનો અંદાજ ૩૨ થી ૩૬ બેઠકોનો હતો, જ્યારે ભાજપે શાનદાર પ્રદર્શન કરતા ૩૮ બેઠકો કબજે કરી છે!

કોંગ્રેસ (Congress): કોંગ્રેસ માટે અંદાજ ૬ કે આસપાસ બેઠકોનો હતો, અને પરિણામોમાં કોંગ્રેસે ૫ બેઠકો મેળવીને સંતોષ માનવો પડ્યો છે.

અપક્ષ (Independent): અંદાજ મુજબ ૧ બેઠક અપક્ષના ફાળે જવાની વાત હતી, જે બિલકુલ સાચી સાબિત થઈ છે અને ૧ બેઠક પર અપક્ષ વિજેતા બન્યા છે.

આમ આદમી પાર્ટી (AAP): 'આપ' પક્ષ ગાંધીનગરમાં પોતાનું ખાતું પણ ખોલાવી શકશે નહીં તેવી આપણી સ્પષ્ટ ધારણા હતી, અને વાસ્તવિક પરિણામમાં પણ આપ પાર્ટી સંપૂર્ણ સાફ થઈ ગઈ છે અને ખાતું પણ ખોલાવી શકી નથી!

### ગાંધીનગરમાં ભાજપનું પરચમ, કોંગ્રેસ પાંચ બેઠકો પર સીમિત

રાજ્ય ચૂંટણી પક્ષ દ્વારા જાહેર થયેલા અધિકૃત આંકડાઓ મુજબ, ગાંધીનગર મનપાના ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં સત્તાધારી ભાજપે ૩૮ બેઠકો મેળવીને સ્પષ્ટ બહુમતી સાથે પોતાની સત્તા અકબંધ રાખી છે. જ્યારે મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસને માત્ર ૫ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. ગત ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે ૪૧ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસે ૨ અને આપએ ૧ બેઠક મેળવી હતી. આ વખતે 'આપ'નો સુપડા સાફ થઈ ગયા છે અને તેઓ એક પણ બેઠક જીતી શક્યા નથી.

### પ્રજાના મૂડને ઓળખવામાં 'પાક્કો ગુજરાત' હંમેશા અવ્વલ!

ચૂંટણીના માહોલ વચ્ચે જ્યારે મોટા-મોટા સર્વેક્ષણો અને એજન્સીઓ ભ્રમિત થતી હોય છે, ત્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની સચોટ પત્રકારત્વ અને ગ્રાઉન્ડ રિપોર્ટિંગ ટીમ દ્વારા જે હકીકત લોકો સામે મૂકવામાં આવી હતી, તેણે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે આપણું માધ્યમ જનતાના સાચા અવાજને ઓળખે છે.

સત્ય અને તથ્યોની સાથે જનતા સમક્ષ સચોટ ખબરો પહોંચાડવાની આપણી આ પરંપરા હંમેશાં જળવાઈ રહેશે. ગાંધીનગરની જનતાએ ફરી એકવાર પારદર્શક અને મજબૂત નેતૃત્વ પર પસંદગી ઉતારી છે, ત્યારે 'પાક્કો ગુજરાત' તમામ વિજેતાઓને અભિનંદન પાઠવે છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## કામરેજના ઘલા ગામે 26 વીઘા જમીન પર ગેરકાયદે કબ્જો જમાવી શેરડીનું વાવેતર કરનાર ત્રણ શખ્સો ઝડપાયા!

સુરત

ગુજરાતમાં જમીન માફિયાઓ અને ભૂમાફિયાઓ દ્વારા હવે વિદેશમાં સ્થાયી થયેલા બિનનિવાસી ભારતીયો (NRI) ની મિલકતોને નિશાન બનાવવામાં આવી રહી છે. સુરત જિલ્લાના વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા કામરેજ તાલુકાના ઘલા ગામમાંથી એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વિદેશમાં રહેતા એનઆરઆઈ જમીનમાલિકોની અંદાજે ૨૬ વીઘા જેટલી વિશાળ અને કિંમતી જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવીને ત્યાં શેરડીનું વાવેતર કરી દેનાર ત્રણ શંકાસ્પદ આરોપીઓ વિરુદ્ધ કલેક્ટર કચેરીના આદેશથી કામરેજ પોલીસે સપાટો બોલાવીને ધરપકડ કરી લીધી છે. પ્રાપ્ત સચોટ વિગતો મુજબ, કામરેજ તાલુકાના ઘલા ગામની હદમાં આવેલી કિંમતી જમીનના મૂળ માલિકો લાંબા સમયથી વિદેશમાં (NRI) રહે છે. આ વાતનો ગેરફાયદો ઉઠાવીને સ્થાનિક કેટલાક માથાભારે અને ભૂર્માફિયા તત્વોની નજર આ કરોડો રૂપિયાની જમીન પર બગડી હતી.

માલિકો વિદેશમાં હોવાથી અને જમીન લાંબા સમયથી ખાલી પડેલી હોવાથી આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને: જમીન પર ગેરકાયદેસર રીતે દબાણ કરીને પોતાનો કબ્જો જમાવી દીધો હતો. કાયદેસરના માલિકોની ગેરહાજરીમાં જમીન પર કોઈની ન પડે તે માટે ત્યાં મોટા પાયે શેરડીનું વાવેતર પણ શરૂ કરી દીધું હતું. જમીન હડપ કરી જવાની આ નાપાક હરકત અંગે જ્યારે એનઆરઆઈ માલિકોને જાણ થઈ, ત્યારે સમગ્ર મામલો સપાટી પર આવ્યો હતો.

## પાનલી-મોટી ગામની સીમમાંથી જુગારધામ ઝડપાયું: ભાયાવદર પોલીસે 6 આરોપીઓની કરી અટકાયત

રાજકોટ

રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર સાહેબ દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી પ્રોહીબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક ધોરાજી વિભાગના આર.એ. ડોડીયા સાહેબ ના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી. એચ.રાખોલીયા સાહેબ તથા સ્ટાફ કાર્યરત હતો. દરમિયાન પોલીસને મળેલી ખાનગી અને સચોટ બાતમીના આધારે પાનલી-મોટી ગામમાં રેલવે ફાટક પાસે ધોજારા નાળા વાળી સીમમાં જુગારનો અખાડો ચલાવતા અતુલભાઈ જેન્તીભાઈ ભાલોડીયાને ત્યાં રેડ કરવામાં આવી હતી. આ સફળ દરોડા દરમિયાન ભાયાવદર પોલીસે જુગાર રમતા કુલ ૬ આરોપીઓને ઝડપી પાડ્યા હતા, જેમાં (૧) અતુલભાઈ જેન્તીભાઈ ભાલોડીયા (રહે. પાનલી-મોટી, તા. ઉપલેટા), (૨) રીઝવાન દાઉદભાઈ વડીયા (રહે. પાનલી-મોટી, તા. ઉપલેટા), (૩) દિનેશભાઈ મોહનભાઈ ગોહિલ (રહે. ચોરબેડી, તા. લાલપુર, જિ. જામનગર), (૪) નીખીલભાઈ હેમંતભાઈ ભાલોડીયા (રહે. પાનલી-મોટી, તા. ઉપલેટા), (૫) શાંન્તીભાઈ ભીમજીભાઈ પાંચાણી (રહે. પાનલી-મોટી, તા. ઉપલેટા) અને (૬) ગોવાભાઈ બીજલભાઈ વાઘેલા (રહે. પાનલી-મોટી, તા. ઉપલેટા) નો સમાવેશ થાય છે.

## સરસાણાના AC ડોમમાં 'OG નવરાત્રિ'માં બજરંગ દળનો હોબાળો : લઘુમતી સમાજના બાઉન્સરો મુદ્દે પોલીસ બોલાવાઈ

સુરત

સુરતના સરસાણા સ્થિત AC ડોમ ખાતે ચાલી રહેલા 'OG નવરાત્રિ' ગરબા મહોત્સવમાં મોડી રાત્રે બજરંગ દળના કાર્યકરો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. ગરબામાં સુરક્ષા વ્યવસ્થા માટે તહેનાત કરાયેલા બાઉન્સરો પૈકી લઘુમતી સમાજ બાઉન્સરો હોવાની માહિતી મળતાં જ સંગઠનના કાર્યકરો સ્થળ પર પહોંચી ગયા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતાં તાત્કાલિક સ્થાનિક અલથાણ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બજરંગ દળના કાર્યકરોને માહિતી મળી હતી કે, ગરબા પંડાલમાં સુરક્ષાનું કામ સંભાળી રહેલા બાઉન્સરો પૈકી પાંચથી છ જેટલા બાઉન્સરો (જેમાં મહિલા બાઉન્સર પણ સામેલ હતી) લઘુમતી સમાજના હતા. આ બાઉન્સરોએ પોતે OG નવરાત્રિમાં સિક્યુરિટી કરી રહ્યા હોવાનો વીડિયો પણ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો. આ બાબત સામે આવતાં જ બજરંગ દળના જિલ્લા અને સ્થાનિક કાર્યકરો તાત્કાલિક ડોમ પર પહોંચી ગયા હતા. આ સમગ્ર મામલે બજરંગ દળના સહસંયોજક અભિષેક રાજપૂતે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે, અમારા કાર્યકરોને બાતમી મળી હતી.

## રાજકોટમાં ધારદાર તલવાર સાથે 200 ક્ષત્રિયાણીઓનો 'શૌર્ય રાસ'

રાજકોટ

રાજકોટના પેલેસ રોડ પર આવેલા રાજવી માંધાતાસિંહના રણજિત વિલાસ પેલેસ ખાતે નવરાત્રિના પાવન પર્વે ક્ષત્રિય સમાજની બહેનો દ્વારા અદભૂત શૌર્ય અને ખમીર સાથે તલવાર રાસ રજૂ કરવામાં આવ્યો હતો. ડીજે કે આધુનિક ગરબાના બદલે પ્રાચીન પરંપરાને જીવંત રાખતાં બહેનોએ ધારદાર તલવાર સાથે બાઈક અને ખુલ્લી જીપ પર સવાર થઈને સાહસિક કરતબ સાથે રાસ રમી ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. રણજીત વિલાસ પેલેસ ખાતે વર્ષ 2006થી નવરાત્રિમાં તલવાર રાસનું આયોજન કરવામાં આવે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ બીજા અને ત્રીજા નોરતે એમ બે દિવસ ખાસ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં એક સાથે 200 જેટલી ક્ષત્રિય સમાજની બહેનોએ ભાગ લીધો હતો. ખુલ્લી જીપ અને બાઈક પર ઊભા રહીને તલવાર રાસ રમતાં ઉપસ્થિત લોકોને ઘોડેશ્વાર વિરાંગનાઓની યાદ તાજી થઈ હતી. તલવાર રાસ ઉપરાંત બહેનોએ દીવડા રાસ, થાળી રાસ અને ટીપ્પણી રાસની રમઝટ પણ બોલાવી હતી.

### છોટાઉદેપુરની વાસ્તવિકતા અને સરકારી વાહવાહી વચ્ચેનો વિરોધાભાસ!

# જમીન પર ખેડૂતો પાણી માટે વલખા મારે છે અને દિલ્હીમાં એવોર્ડની લ્હેણું થાય છે

### કાગળ પર સિંચાઈ ક્રાંતિના દાવા અને દિલ્હીમાં રાષ્ટ્રીય સન્માન: શું છોટાઉદેપુરના આદિવાસી ખેડૂતોની વેદના ક્યારેય સરકારી દરબાર સુધી પહોંચશે ખરી? 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો તીખો અહેવાલ!

છોટાઉદેપુર

ગુજરાતમાં સરકારી આંકડાઓની માયાજાળ અને જમીની હકીકત વચ્ચે કેટલો મોટો ફરક હોય છે, તેનું સૌથી મોટું ઉદાહરણ હાલ છોટાઉદેપુર જિલ્લામાંથી સામે આવ્યું છે. એક તરફ રાજધાની નવી દિલ્હી ખાતે કેન્દ્ર સરકાર દ્વારા છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્રને સિંચાઈ અને કૃષિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય એવોર્ડથી નવાજવામાં આવ્યું છે, તો બીજી તરફ આદિવાસી બહુલ છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં બોડા અને પથરાળ જમીનમાં ખેડૂતો પાણીના એક એક ટીપા માટે તડપી રહ્યા છે. કાગળ પરના 'વિકાસ' અને ખેડૂતોના આંસુ વચ્ચેના આ વિરોધાભાસે ભારે ચકચાર જગાવી છે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક ભવ્ય કાર્યક્રમમાં 'પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના' (PMDDKY) અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં સિંચાઈ અને કૃષિ માળખાકીય સુવિધાઓના વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. દિલ્હીના મંચ પરથી મોટા-મોટા દાવા કરવામાં આવ્યા કે આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની ક્રાંતિ આવી ગઈ છે અને ખેડૂતો સમૃદ્ધ થઈ રહ્યા છે. પરંતુ, વાસ્તવિકતા આનાથી તદ્દન વિપરીત છે. છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર, કવાંટ, સંખેડા, બોડેલી કે નસવાડી જેવા તાલુકાઓના અનેક ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ ખેડૂતો પાસે સિંચાઈ માટે પૂરતું પાણી નથી. ચોમાસા સિવાયના દિવસોમાં કુવા અને બોરિંગના તળિયાં સાવ શૂ થઈ જાય છે, જેના કારણે અનેક ખેડૂતો પોતાના ખેતરોમાં માત્ર વરસાદી ખેતી પર જ નિર્ભર રહેવા મજબૂર બને છે. સિંચાઈની કાયમી સગવડના અભાવે આદિવાસી ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે.

સ્થાનિક ખેડૂતો અને જાગૃત નાગરિકોમાં આ બાબતે આક્રોશ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે જો ખરેખર છોટાઉદેપુરમાં સિંચાઈ ક્ષેત્રે ક્રાંતિ આવી ગઈ હોય, તો પછી દર વર્ષે પાક નિષ્ફળ જવાની કે પાણી વગર ખેતરો સૂકાઈ જવાની નોબત કેમ આવે છે?

સિંચાઈની નબળી પાઈપલાઈનો અને અધૂરી નહેરો: મોટાભાગના અંતરિયાળ વિસ્તારોમાં નર્મદા કે અન્ય સિંચાઈ પ્રોજેક્ટ્સનું પાણી છેવાડાના ખેતરો સુધી પહોંચતું જ નથી. ચેકડેમો અને તળાવોની દુર્દશા: કાગળ પર કરોડો રૂપિયાના ખર્ચે બનેલા ચેકડેમો કાંપથી ભરાઈ ગયા છે અથવા તૂટેલી હાલતમાં છે, જેમાં પાણી સંગ્રહ થતો જ નથી.

દિલ્હીમાં એવોર્ડ સ્વીકારીને વાહવાહી મેળવનારા અધિકારીઓ અને નેતાઓ સામે હવે સવાલો ઉઠી રહ્યા છે કે:

જો સિંચાઈની ઉત્કૃષ્ટ સુવિધાઓ હોય, તો છોટાઉદેપુરનો ખેડૂત આજે પણ મોંઘા ભાવનું ઝલ ફુંકીને ટ્યુબવેલના ભરોસે કેમ જીવે છે? દિલ્હીમાં સન્માન મેળવનાર વહીવટી તંત્ર જમીન પર ઉતરીને અસલી આદિવાસી ખેડૂતોની વેદના ક્યારે જોશે? દિલ્હીના દરબારમાં ભલે પ્રશસ્તિપત્રો અને એવોર્ડની વર્ષા થતી હોય, પરંતુ છોટાઉદેપુરના ખેડૂતોના ખેતરોમાં જ્યાં સુધી સિંચાઈનું પાણી નહીં પહોંચે, ત્યાં સુધી આવા એવોર્ડ્સ માત્ર કાગળના ટુકડા સમાન જ ગણાશે.

### ગુજરાતમાં શુદ્ધ ખોરાક માટે આરોગ્ય વિભાગની કવાયત

## નવરાત્રિમાં ભેળસેળ રોકવા ફૂડ સેફ્ટી વાન દોડશે: 1407 હોસ્ટેલ-કેન્ટીનની તપાસમાં 328ને નોટિસ

ગાંધીનગર

નવરાત્રિ દરમિયાન નાગરિકોને શુદ્ધ, સાત્વિક અને ભેળસેળમુક્ત ખોરાક મળી રહે તે માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી અંગેની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગાંધીનગર ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. તહેવારોમાં મીઠાઈ, ફરસાણ, દૂધ અને ઘી જેવા ખાદ્યપદાર્થોમાં ભેળસેળ રોકવા રાજ્યભરમાં મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન દોડાવવાનો અને દંડનાત્મક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા 14થી 28 સપ્ટેમ્બર 2026 દરમિયાન રાજ્યવ્યાપી હોસ્ટેલ-કેન્ટીન સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન સમગ્ર રાજ્યમાંથી કુલ 1407 હોસ્ટેલ અને કેન્ટીનની સઘન તપાસ કરાઈ હતી, જેમાં 259 સરકારી, 303 અર્ધસરકારી અને 845 ખાનગી એકમોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન સ્વચ્છતા અને ગુણવત્તામાં ક્ચાસ જણાતાં 328 હોસ્ટેલ-કેન્ટીનને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત 459 એકમોમાંથી ખાદ્યપદાર્થોના સેમ્પલ લઈને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. વહીવટી ખામીઓ અને અનિયમિતતાઓને કારણે 16 એકમો સ્વૈચ્છિક રીતે બંધ થયા હતા અને 5 એકમોના લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મંત્રી પ્રફુલ પાનશેરીયાએ નાગરિકોને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે ગ્રાહકો હોટેલ કે રેસ્ટોરન્ટમાં ભોજન લેતી વખતે ત્યાંના રસોડાની સ્વચ્છતા અંગે જાતે તપાસ કરી શકે છે. જો કોઈ જગ્યાએ અસ્વચ્છતા કે ખાદ્યપદાર્થોની ગુણવત્તા અંગે શંકા જણાય તો તુરંત જ તંત્ર સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવવી જોઈએ. આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે શુદ્ધ ખોરાક સુનિશ્ચિત કરવાનું આ અભિયાન માત્ર તહેવારો પૂરતું મર્યાદિત ન રહેતાં વર્ષભર ચાલુ રહેવું જોઈએ. સુરત, અમદાવાદ અને વડોદરા જેવી મહાનગરપાલિકાઓની ટીમો દ્વારા દિવસ-રાત કરવામાં આવતી કામગીરીની તેમણે સરાહના કરી હતી અને પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી.

### રાજકોટમાં લોહીયાળ ખેલ

## સમાધાન માટે બોલાવીને યુવક પર છરીના આડેધડ ઘા ઝીંકી ક્રૂર હત્યા

રાજકોટ

ગુજરાતનું વ્યાપારી અને રંગીલું ગણાતું રાજકોટ શહેર હવે જાણે ગુનેગારોનું અડ્ડો બનતું જઈ રહ્યું છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી એક અત્યંત ઘાતક અને હચમચાવતી ઘટના સામે આવી છે. સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ સમાધાનના યુવકને બોલાવીને પૂર્વ આયોજિત કાવતરા હેઠળ તેના પર છરીઓથી તૂટી પડીને ક્રૂર હત્યા કરી નાખવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત સચોટ વિગતો મુજબ, રાજકોટમાં થોડા સમય પહેલાં સામાન્ય બાબતમાં (બાઈક અડાડવા બાબતે) કેટલાક શખ્સો સાથે બોલાચાલી થઈ હતી. આ મામલે સમાધાન કરવા માટે યુવકને આંબેડકર સર્કલ નજીક બોલાવવામાં આવ્યો હતો. પીડિત યુવક જ્યારે નિર્દોષ ભાવે સમાધાન માટે નક્કી કરેલા સ્થળે પહોંચ્યો, ત્યારે અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા કુખ્યાત શખ્સો અને તેના સાગરીતોએ તેના પર હુમલો કરી દીધો હતો. આરોપીઓએ કોઈ પણ જાતની દયા વગર યુવક પર છરી વડે એક પછી એક આડેધડ ૬ થી ૭ ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં યુવક જમીન પર ફસડાઈ પડ્યો હતો અને સારવાર મળે તે પહેલા જ તેનું કરુણ મોત નીપજ્યું હતું.

### ડૉ. નિરાલી વસાવા હજુ પણ પોલીસ પકડથી દૂર ફરાર!

## સુરતના ચકચારી ડૉ. હર્ષ પંડ્યા આપઘાત કેસમાં પોલીસની મોટી કાર્યવાહી

સુરત

સુરતની નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલા પી. જી. હોસ્ટેલમાં રેસિડેન્ટ ડૉક્ટર ડૉ. હર્ષ પંડ્યા ના ચકચારી અને હૃદયદ્રાવક આપઘાત કેસમાં પોલીસ તપાસનો ધમધમાટ અત્યંત ઝડપી બન્યો છે. જુનિયર તબીબ પર અત્યાચાર ગુજારનાર અને રેગિંગ આચરનાર આરોપીઓ સામે ખટોદરા પોલીસ દ્વારા ગાળિયો કસવામાં આવી રહ્યો છે. આ કેસમાં અગાઉ બે મહિલા તબીબોની ધરપકડ કરવામાં આવ્યા બાદ હવે પોલીસના હાથે વધુ એક આરોપી તબીબ ઝડપાઈ ગયો છે, જ્યારે અન્ય એક મહિલા તબીબ હજુ પણ ફરાર હોવાથી પોલીસની ટીમો તેની સઘન શોધખોળ કરી રહી છે. પ્રાપ્ત સચોટ વિગતો અનુસાર, ડૉ. હર્ષ પંડ્યાને માનસિક પ્રતાડના આપવાના અને આપઘાત માટે દુષ્પ્રેરણા આપવાના ગુનામાં સંડોવાયેલા અને અત્યાર સુધી ફરાર ચાલી રહેલા આરોપી તબીબ ડૉ. અનુજ મહેશ્વરી ને ખટોદરા પોલીસે દબોચી લીધો છે. અગાઉ આ જ કેસમાં પોલીસે બે મહિલા આરોપી તબીબો ડૉ. દીક્ષિતા ઘેવરીયા અને ડૉ. હીના ભૂતની પણ ધરપકડ કરી લીધી છે. એક પછી એક આરોપીઓની ધરપકડથી તબીબી આલમમાં ભારે ખળભળાટ વ્યાપી ગયો છે. આ ગંભીર ગુનામાં નામ ખુલ્યા બાદથી જ પોલીસ ચોપડે ફરાર ચાલી રહેલા આરોપી મહિલા તબીબ ડૉ. નિરાલી વસાવા હજુ પણ પોલીસના હાથ લાગ્યા નથી. ખટોદરા પોલીસ અને સ્પેશિયલ ટીમો દ્વારા તેને ઝડપી પાડવા માટે અલગ-અલગ વિસ્તારોમાં સઘન શોધખોળ અને દરોડા પાડવાની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. સુરત નવી સિવિલ હોસ્પિટલના પી.જી. હોસ્ટેલમાં રહીને માઈક્રોબાયોલોજી વિભાગમાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડૉક્ટર ડૉ. હર્ષ પંડ્યાએ સિનિયરો દ્વારા આચરવામાં આવતી સતત રેગિંગ અને કાળજા કંપાવતી માનસિક પ્રતાડનાથી કંટાળીને હોસ્ટેલના રૂમમાં ફાંસી લગાવી જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટના બાદ એન્ટી-રેગિંગ કમિટીની તપાસમાં પણ સિનિયર તબીબો દ્વારા માનસિક ત્રાસ અને રેગિંગ કરાઈ હોવાનું પૂરવાર થયું હતું, જેના આધારે ચાર તબીબો સામે ફરિયાદ નોંધાઈ હતી. ડૉ. હર્ષ પંડ્યાના પરિવારને ન્યાય અપાવવા માટે પોલીસ દ્વારા આક્રમક કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુનો આચરીને કાયદાથી બચવા હવાતિયાં મારતા આરોપીઓ સામે પોલીસની આ કાર્યવાહીથી એ સાબિત થયું છે કે દોષિતો કાયદાથી બચી શકશે નહીં. હવે ફરાર ડૉ. નિરાલી વસાવા પોલીસના સકંજામાં ક્યારે આવે છે તેના પર સૌની નજર ટકેલી છે.

### 'ગમે તે થાય, આઠમે અંબાજીમાં હવન કરીને જ રહીશું..!'

## દાંતાના રાજવી રિદ્ધિરાજસિંહનો સણસણતો અને લડાયક હુંકાર!

### "અમારે મંદિર નથી જોઈતું, પણ પૂજાનો હક્ક તો રહેવો જ જોઈએ!" : વહીવટી તંત્ર સામે દાંતાના રાજવીએ ખોલ્યો મોરચો, નવરાત્રીની આઠમે ઘર્ષણના એંધાણ!

અંબાજી

અંબાજી શક્તિપીઠ ખાતે આસો નવરાત્રીના પવિત્ર પર્વ દરમિયાન રાજવી પરિવાર અને વહીવટી તંત્ર વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સાથેની ખાસ એક્સક્લૂસિવ વાતચીતમાં દાંતાના રાજવી રિદ્ધિરાજસિંહે અત્યંત આક્રમક અને લડાયક અંદાજમાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, 'ગમે તે પરિસ્થિતિ સર્જાય, પરંતુ નવરાત્રીની આઠમે અંબાજીમાં હવન કરીને જ રહીશું!' રાજવી પરિવારના આ ખુલ્લા એલાનથી ઉત્તર ગુજરાત અને રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે.

સ્વાતંત્ર્ય પૂર્વે અંબાજી મંદિરની સેવા-પૂજા અને સંચાલન સાથે દાંતા સ્ટેટનો રાજવી પરિવાર ઐતિહાસિક રીતે જોડાયેલો રહ્યો છે. આ અંગે વાત કરતા રિદ્ધિરાજસિંહે તંત્ર સામે સવાલો ઊભા કરતા સ્પષ્ટ કર્યું હતું કે: 'અમારે મંદિરની કોઈ માલિકી કે સંપત્તિ નથી જોઈતી, અમારો સવાલ માત્ર માતાજીની પૂજા કરવાનો છે. પેઢીઓથી ચાલતી આવતી પરંપરા મુજબ અમારો પૂજા-અર્ચના કરવાનો હક્ક જળવાઈ રહેવો જોઈએ.'

નવરાત્રી દરમિયાન અંબાજી મંદિરમાં આઠમના દિવસે થતા ચાચર ચોકના હવનનું વિશેષ ધાર્મિક મહત્વ હોય છે. પરંપરા મુજબ દાંતા રાજવી પરિવાર દ્વારા આઠમના દિવસે હવન અને આહુતિ આપવાની વિધિ કરવામાં આવતી હતી. પરંતુ વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટના નિયમો તથા મંજૂરીઓને લઈને છેલ્લા કેટલાક સમયથી રાજવી પરિવાર અને તંત્ર વચ્ચે અંદરખાને ભારે વિવાદ ચાલી રહ્યો છે. રિદ્ધિરાજસિંહના આ કડક વલણ બાદ આઠમના દિવસે અંબાજી ખાતે પરિસ્થિતિ કેવી રહેશે તેને લઈને વિવિધ અટકળો સેવાઈ રહી છે. દાંતાના રાજવી પરિવારના આ હુંકાર બાદ અંબાજી આવતા દર્શનાર્થીઓ અને સ્થાનિક નાગરિકોમાં પણ આ વિવાદ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. એક તરફ તંત્ર પ્રોટોકોલ અને વ્યવસ્થાની વાત કરી રહ્યું છે, તો બીજી તરફ રાજવી પરિવાર પોતાની વર્ષો જૂની ધાર્મિક પરંપરા અને અધિકાર માટે અડગ છે. હવે જોવાનું એ રહેશે કે નવરાત્રીની આઠમે વહીવટી તંત્ર આ બાબતે શું વલણ અપનાવે છે અને રાજવી પરિવારની પૂજા વિધિ અંગે શું ઉકેલ આવે છે.

## 3 થાંભલાની લાઇટ બંધ હોવાથી રાત્રે અંધારું:રખિયાલની અંબિકાનગર સોસાયટીમાં એક વર્ષથી સ્ટ્રીટલાઇટ બંધ

### સોસાયટીમાં પૂરતી સ્ટ્રીટલાઇટ ન હોવાથી રાત્રિના સમયે રહીશોને અવરજવર કરવામાં મુશ્કેલી પડે છે, અંધકારને કારણે ચોરી થવાનો ભય પણ સતાવી રહ્યો છે

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ ગામમાં આવેલી અંબિકાનગર સોસાયટીમાં છેલ્લા એક વર્ષથી સ્ટ્રીટલાઈટ બંધ રહેતાં રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાત્રિના સમયે સોસાયટીના માર્ગો પર અંધકાર છવાઈ જતો હોવાથી અવરજવર કરવામાં તકલીફ પડે છે. સ્ટ્રીટલાઈટ ચાલુ કરાવવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ નહીં આવતાં સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સોસાયટીની પાછળની લાઈનમાં સ્ટ્રીટલાઈટ ચાલુ છે, જ્યારે આગળની લાઈનમાં આવેલા 22 મકાનોની વચ્ચેના 3 થાંભલા પર લગાવવામાં આવેલી લાઈટ લાંબા સમયથી બંધ છે. થાંભલા પર લાઈટ હોવા છતાં તે ચાલુ ન હોવાથી રાત્રિના સમયે આ વિસ્તાર અંધકારમાં ગરકાવ થઈ જાય છે. એક જ સોસાયટીના એક ભાગમાં પ્રકાશ અને બીજા ભાગમાં અંધકારની સ્થિતિ હોવા છતાં સમસ્યાનો ઉકેલ નહીં આવતાં રહીશોએ સવાલો ઉઠાવ્યા છે.

સોસાયટીમાં પૂરતી સ્ટ્રીટલાઈટ ન હોવાથી રાત્રિના સમયે રહીશોને અવરજવર કરવામાં મુશ્કેલી પડે છે. અંધકારને કારણે ચોરી થવાનો ભય પણ સતાવી રહ્યો છે.

ખાસ કરીને વહેલી સવારે કામધંધા માટે નીકળતા લોકો અને મોડી રાત્રે ઘરે પરત ફરતા રહીશોને માર્ગ પર અંધારાનો સામનો કરવો પડે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સોસાયટીમાં મોટાભાગે મધ્યમ વર્ગનાં પરિવારો રહે છે અને તેઓ પોતાના વિસ્તારમાં પાયાની સુવિધાઓ નિયમિત રીતે ઉપલબ્ધ થાય તેવી અપેક્ષા રાખે છે.

રહીશોનો આક્ષેપ છે કે સ્ટ્રીટલાઈટ બંધ હોવા અંગે સંબંધિત તંત્રને અનેક વખત જાણ કરવામાં આવી છે, પરંતુ છેલ્લા એક વર્ષથી સમસ્યા યથાવત્ છે. લાઈટો શા માટે બંધ છે અને તેનું સમારકામ કરવામાં વિલંબ કેમ થઈ રહ્યો છે તે અંગે પણ કોઈ સંતોષકારક ઉકેલ મળ્યો નથી.

# ગુજરાત HCનો ઐતિહાસિક અને આકરો આદેશ: પોલીસ ભરતીમાં ટ્રાન્સજેન્ડર માટે એક જગ્યા ખાલી રાખવા હુકમ!

### ભાવનગરના ટ્રાન્સજેન્ડર ઉમેદવારની હાઈકોર્ટમાં દાદ: અરજીની આખરી સુનાવણી ન થાય ત્યાં સુધી જગ્યા અનામત રાખવા રાજ્ય સરકાર અને ભરતી બોર્ડને આદેશ!




ભાવનગર

ગુજરાતમાં ચાલી રહેલી પોલીસ ભરતી પ્રક્રિયા વચ્ચે રાજ્ય ન્યાયતંત્ર તરફથી એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ચુકાદો સામે આવ્યો છે. પોલીસ ભરતીમાં ટ્રાન્સજેન્ડર (તૃતિયપંથી) સમુદાયના હક્કો અને અધિકારોને લઈને ભાવનગરના એક ટ્રાન્સજેન્ડર ઉમેદવારે કરેલી અરજી સંદર્ભે ગુજરાત હાઈકોર્ટે અત્યંત મહત્વનો આદેશ જારી કર્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ હુકમ કર્યો છે કે આ અરજીની આખરી સુનાવણી પૂર્ણ ન થાય ત્યાં સુધી પોલીસ ભરતી પ્રક્રિયામાં એક જગ્યા ખાલી રાખવામાં આવે!

પ્રાપ્ત સચોટ વિગતો મુજબ, ભાવનગરના રહીશ એવા એક ટ્રાન્સજેન્ડર ઉમેદવારે રાજ્યમાં યોજાઈ રહેલી પોલીસ ભરતીમાં પોતાને તક આપવા અથવા ટ્રાન્સજેન્ડર સમુદાય માટે યોગ્ય જોગવાઈ કરવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

અરજદારની મુખ્ય રજૂઆત હતી કે: સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) ના ઐતિહાસિક 'નાલસા' (NALSA) ચુકાદા મુજબ ટ્રાન્સજેન્ડર સમુદાયને સરકારી નોકરીઓ અને શિક્ષણમાં સમાન તકો તથા અનામતનો અધિકાર છે. ભરતી બોર્ડ દ્વારા નીતિ-નિયમોમાં યોગ્ય સ્પષ્ટતા વગર કે તકો આપ્યા વગર પ્રક્રિયા આગળ વધારવામાં આવી રહી છે, જે બંધારણીય હક્કોનું ઉલ્લંઘન છે. આ અરજીની ગંભીરતાને ધ્યાને લઈને ગુજરાત હાઈકોર્ટના જજ દ્વારા પ્રાથમિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અદાલતે મામલાની સંવેદનશીલતા અને અરજદારના અધિકારોનું રક્ષણ કરવાના હેતુથી રાજ્ય સરકાર તથા પોલીસ ભરતી બોર્ડને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે:

'જ્યાં સુધી આ અરજીની આખરી સુનાવણી પૂરી ન થાય અને આખરી આદેશ ન આવે, ત્યાં સુધી ચાલુ પોલીસ ભરતી પ્રક્રિયામાં એક પોસ્ટ (જગ્યા) ખાલી રાખવામાં આવે.'

હાઈકોર્ટના આ હુકમથી ટ્રાન્સજેન્ડર સમુદાય માટે સરકારી ક્ષેત્રમાં સમાન તકો મેળવવાની લડાઈને મોટું બળ મળ્યું છે. ભરતી બોર્ડ હવે આ મામલે પોતાનો પક્ષ રજૂ કરશે, પરંતુ હાઈકોર્ટના આચરણથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે કાયદાની નજરમાં કોઈ પણ નાગરિક સાથે લિંગના આધારે ભેદભાવ સાંખી લેવામાં આવશે નહીં.

## ગોરવાના સોના પાર્ટી પ્લોટમાં નવરાત્રી નિમિત્તે ગરબાની રમઝટ, 15 હજારથી વધુ પ્રેક્ષકો અને હજારો ખેલૈયાઓ મંત્રમુગ્ધ થયા

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના ગોરવા-લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલ સોના પાર્ટી પ્લોટ ખાતે નવરાત્રી પર્વ નિમિત્તે ભવ્યાતિભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સિનિયર સિટીઝન ગ્રુપના ઘનશ્યામભાઈ રાવની એક યાદી મુજબ, આ ગરબા મહોત્સવમાં હજારો ખેલૈયાઓએ એકસાથે તાલબદ્ધ રજૂઆત કરીને સમગ્ર વાતાવરણને ભક્તિમય અને ઉત્સાહસભર બનાવી દીધું હતું. આ સુંદર અને સફળ કાર્યક્રમનું આયોજન વડોદરા મહાનગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર નરસિંહભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઈસ્કોન મંદિરના મહારાજશ્રી નિત્યાનંદ સ્વામીજી તથા વડીલશ્રી અનિલભાઈ શ્રીવાસ્તવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રીમતી સુરેખાબેન પટેલ, સિનિયર સિટીઝન ગ્રુપના અગ્રણી સદસ્ય શ્રી નટવરભાઈ લેઉઆ તેમજ શ્રી રશ્મિકાંતભાઈ ભટ્ટ પણ આમંત્રિત મહેમાન તરીકે હાજર રહ્યા હતા. આ રાસ-ગરબાના મહામહોત્સવમાં આશરે ૧૦ થી ૧૫ હજાર જેટલા પ્રેક્ષકોની જંગી મેદની ઉપસ્થિત રહી હતી. ખેલૈયાઓના અદ્ભુત સ્ટેપ્સ અને તાલબદ્ધ ગરબાથી ઉપસ્થિત તમામ દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. કાર્યક્રમના ઉદઘોષક (એન્કર) શ્રી અનિલભાઈ પંડ્યાએ પોતાની અનોખી અને આકર્ષક શૈલીમાં સંચાલન કરીને સમગ્ર કાર્યક્રમમાં અનેરો રંગ જમાવ્યો હતો.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ પર આરોપ: CA સર્ટિફિકેટમાં મોટી ગોલમાલ અને નાણાકીય અનિયમિતતાનો ધડાકો!

જૂનાગઢ

રાજ્યની શિક્ષણ અને સંશોધન સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર અને અનિયમિતતાના કિસ્સાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. હવે સૌરાષ્ટ્રની પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત એવી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી (JAU) વિવાદોના વંટોળમાં ઘેરાઈ છે. યુનિવર્સિટીના કુલપતિ (Vice-Chancellor) અને વહીવટી તંત્ર પર CA (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) સર્ટિફિકેટ્સ, હિસાબી ઓડિટ અને ગ્રાન્ટ વપરાશના દસ્તાવેજોમાં મોટી ગોલમાલ કરી હોવાના ગંભીર આરોપો સાથેનો ધડાકો થયો છે.

મળતી ચોંકાવનારી વિગતો મુજબ, યુનિવર્સિટી દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રોજેક્ટ્સ, લેબોરેટરી ગ્રાન્ટ્સ અને સંશોધન ફંડના હિસાબો રજૂ કરતી વખતે CA સર્ટિફિકેટ જોડવાના હોય છે. આરોપ છે કે: ખોટા કે બોગસ સર્ટિફિકેટ્સનો ઉપયોગ: નાણાકીય ગ્રાન્ટો મેળવવા અને ભૂતકાળમાં વપરાયેલા બજેટનો સંતોષકારક હિસાબ દર્શાવવા માટે સેટિંગ કરીને કે ગેરરીતિ આચરીને સર્ટિફિકેટ તૈયાર કરવામાં આવ્યા. ઓડિટ રિપોર્ટમાં ચેડાં: ઓડિટ દરમિયાન સામે આવેલા આક્ષેપો અને વાંધાઓને દબાવી દેવા માટે ખોટી સહીઓ અને બોગસ સીલનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની આશંકા છે. નિયમોની ઐસીતૈસી: સરકારી નાણાંનો પારદર્શક ઉપયોગ દર્શાવવાના બદલે કુલપતિ અને વહીવટી અધિકારીઓની મીઠી નજર હેઠળ બારોબાર સેટિંગ કરી સર્ટિફિકેટો રજૂ કરવામાં આવ્યા. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી રાજ્યના હજારો ખેડૂતો અને વિદ્યાર્થીઓ માટે આશાનું કેન્દ્ર છે. પરંતુ જ્યારે સંસ્થાના સર્વોચ્ચ પદ એટલે કે કુલપતિ પર જ નાણાકીય હેરાફેરી અને CA સર્ટિફિકેટ ગોલમાલના સણસણતા આરોપો લાગે, ત્યારે યુનિવર્સિટીની શાખ સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થાય છે.

### સુરતના વરાછામાં નજીવી બાબતે ખૂની ખેલ જેવો માહોલ

## બાઈક અડી જવાના મામલે બે જૂથો સામસામે આવી જતાં લાકડી-ડંડા ઉછળ્યા

સુરત

ગુજરાતના હીરા અને ટેક્સટાઈલ હબ ગણાતા સુરતમાં હવે નાની-નાની બાબતોમાં લોકોનો આપાતકાલિન સંયમ ખોવાઈ રહ્યો છે અને નજીવી તકરાર પણ કેવા ખતરનાક સ્વરૂપ ધારણ કરી શકે છે તેનું વધુ એક જીવંત ઉદાહરણ વરાછા વિસ્તારમાંથી સામે આવ્યું છે. સુરતના સંવેદનશીલ ગણાતા વરાછા વિસ્તારમાં માત્ર બાઈક અથડાવા જેવી સામાન્ય અને નજીવી બાબતે બે જૂથો લોહીના તરસ્યા બનીને સામસામે આવી ગયા હતા. ઘનશ્યામનગર નજીક આવેલા શિવાપાર્ક વિસ્તારમાં થયેલી આ ધમાસાન અને મારામારીની ઘટનાથી આખા પંથકમાં ભય અને આતંકનો માહોલ છવાઈ ગયો હતો.



પ્રાપ્ત સચોટ વિગતો મુજબ, મોડી રાત્રે વરાછાના એમ્બ્રોઈડરી ખાતામાં કામ કરીને પોતાના ઘરે કે રૂમ પર ફરી રહેલા કારીગરો વચ્ચે રસ્તા પરથી પસાર થતી વખતે બાઈક અડી જવા બાબતમાં સામાન્ય બોલાચાલી થઈ હતી. બે વ્યક્તિઓ વચ્ચે શરૂ થયેલી આ સામાન્ય બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. વાત એટલી વધી ગઈ કે બંને પક્ષોએ પોતાના અન્ય સાથીદારો અને મિત્રોને પણ ઘટનાસ્થળે બોલાવી લીધા હતા. થોડી જ મિનિટોમાં શિવાપાર્ક પાસે લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું અને મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો. બંને જૂથો વચ્ચે શરૂ થયેલી મારામારી એટલી ઉગ્ર હતી કે રસ્તા પર અફરાતફરી મચી ગઈ હતી. ઉત્સાહ અને આવેશમાં આવેલા અસામાજિક તત્વો અને કારીગરોએ છૂટા હાથે તેમજ લાકડીઓ અને ડંડાઓ વડે એકબીજા પર આડેધડ હુમલા શરૂ કરી દીધા હતા. મોડી રાત્રે અચાનક થયેલા આ નાટ્યાત્મક અને હિંસક હુમલાને કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં રહેતા નાગરિકો અને નિર્દોષ રહીશોના હોશ ઉડી ગયા હતા. લોકો પોતાના ઘરના દરવાજા અને બારીઓ બંધ કરીને ઘરમાં કેદ થઈ જવા મજબૂર બન્યા હતા. ઘટનાની ગંભીરતાને જોઈને સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા તુરંત જ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને આ હિંસક ધમાસાની જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ વરાછા પોલીસ સ્ટેશનનો કાફલો અને પીસીઆર વ્હીકલ ઘટનાસ્થળે જવા માટે રવાના થયા હતા.

## વડોદરામાં બેંક લોનના નામે લાખોની છેતરપિંડી આચરતી હાઈટેક ઠગ ગેંગનો પર્દાફાશ: સાયબર ક્રાઈમે દિલ્હીથી બે આરોપીઓને દબોચ્યા!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં સસ્તા વ્યાજે સરળતાથી બેંક લોન અપાવવાના નામે નિર્દોષ નાગરિકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી આંતરરાજ્ય ગેંગનો વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. દેશના રાજધાની દિલ્હી ખાતેથી ચાલતા બોગસ કોલ સેન્ટરના નેટવર્કને શોધી કાઢીને સાયબર ક્રાઈમની ટીમે બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી મોટી સફળતા હાસિલ કરી છે.

પ્રાપ્ત સચોટ માહિતી અનુસાર, વડોદરાના એક જાગૃત નાગરિકે બેંક લોન મેળવવાના નામે પ્રોસેસિંગ ફી અને અન્ય તકનીકી બહાના હેઠળ લાખો રૂપિયા ગુમાવ્યા હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ મામલાની તપાસ હાથ ધરતા વડોદરા સાયબર ક્રાઈમ પોલીસને ચોક્કસ ટેકનિકલ લોકેશન અને બાતમી મળી હતી કે આ આખું રેકેટ દિલ્હીથી સંચાલિત થઈ રહ્યું છે.

તપાસ ટીમે તાત્કાલિક દિલ્હી ખાતે દરોડો પાડીને જિતેન્દ્રકુમાર મૌર્ય અને અભિષેક હેમલકુમાર નામના બે આરોપીઓને દબોચી લીધા હતા. આ આરોપીઓ જુદી જુદી જાણીતી બેંકોના નામે બનાવટી કોલ કરી ગ્રાહકોને ઝટપટ અને ઓછા વ્યાજે લોન પાસ કરાવવાની લાલચ આપતા હતા.

આરોપીઓ નિર્દોષ લોકોને ફોન કરીને ઓનલાઈન લોન પ્રક્રિયા ખૂબ સરળ હોવાનું જણાવતા હતા.

બેંકના નામે બનાવટી લેટરહેડ અને ફાઈલો મોકલીને ગ્રાહકોનો વિશ્વાસ જીતતા હતા અને ત્યારબાદ પ્રોસેસિંગ ચાર્જ, જીએસટી તથા ઈન્સ્યોરન્સના નામે ક્યુઆર કોડ કે બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવતા હતા.

### બનાસકાંઠામાં નશાના વેપાર પર પોલીસનો સપાટો

## અફીણના પ્રવાહી રસ સાથે બે શખ્સો ઝડપાયા, મોટા રેકેટનો પર્દાફાશ!

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં નશાકારક અને પ્રતિબંધિત પદાર્થોનું ગેરકાયદેસર વેચાણ કરતા તત્વો સામે પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. જિલ્લામાં યુવાધન અને સમાજને બરબાદ કરતા નશાના કારોબાર વિરુદ્ધ પોલીસની ટીમે બાતમીના આધારે સફળ દરોડો પાડીને અફીણના શુદ્ધ પ્રવાહી રસ સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે।



પ્રાપ્ત વિગતો અનુસાર, બનાસકાંઠા પંથકમાં કેટલાક શખ્સો દ્વારા બહારના રાજ્યો કે અન્ય વિસ્તારોમાંથી અફીણ અને તેના પ્રવાહી રસની હેરાફેરી કરવામાં આવતી હોવાની બાતમી સ્થાનિક પોલીસ અને એજન્સીઓને મળી હતી। આ બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવીને શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડવા માટે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

ચોક્કસ બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે દરોડો પાડીને અફીણના રસ સાથે બે મુખ્ય શખ્સોને દબોચી લીધા છે। પોલીસની આ અચાનક અને આક્રમક કાર્યવાહીથી નશાના સોદાગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મુદ્દામાલ જપ્ત, સપ્લાયર્સ સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન પકડાયેલા આરોપીઓ પાસેથી કબ્જે કરાયેલા અફીણના રસનો જથ્થો અને અન્ય મુદ્દામાલ પોલીસે જપ્ત કરી લીધો છે. આ પ્રતિબંધિત નશીલો પદાર્થ તેઓ કયા સ્થળેથી લાવ્યા હતા અને બનાસકાંઠામાં કોને વેચવાના હતા તે અંગે પોલીસે ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી છે.

આ રેકેટની પાછળ અન્ય કયા મોટા માથાઓ સંડોવાયેલા છે અને આ ગેરકાયદેસર નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે, તે દિશામાં પોલીસની ટીમોએ સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બનાસકાંઠા પોલીસની આ સરાહનીય કામગીરીથી નશાના કારોબારીઓને મોટો ફટકો પડ્યો છે.

## નડિયાદ બસ સ્ટેન્ડ પર આતંક મચાવતી કુખ્યાત મહિલા તસ્કરોની જોડી જેલના સળિયા પાછળ

નડિયાદ

ગુજરાતના બસ સ્ટેન્ડ અને ભીડભાડવાળા જાહેર સ્થળો પર અવારનવાર મુસાફરોની નજર ચૂકવીને સોના-ચાંદીના દાગીના ચોરી લેતી કે આંચકી લેતી ગેંગો સામે હવે પોલીસ તંત્ર દ્વારા સકંજા કસવામાં આવ્યો છે. નડિયાદના વ્યસ્ત બસ સ્ટેન્ડ ખાતે મુસાફરોની ભીડનો લાભ લઈને એક નિર્દોષ મહિલાના ગળામાંથી સોનાની કંઠી આંચકીને ફરાર થઈ જતી કુખ્યાત મહિલા ચોરોની જોડીને નડિયાદ ટાઉન પોલીસે અત્યંત ઝડપથી અને સચોટ બાતમીના આધારે પકડી પાડી છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરાયેલો મુદ્દામાલ પણ જપ્ત કરી લીધો છે. પ્રાપ્ત વિગતો મુજબ, નડિયાદ બસ સ્ટેન્ડ પર મુસાફરોની ભારે ધમાલ અને અવરજવર વચ્ચે એક મહિલા મુસાફર જ્યારે બસમાં સવાર થઈ રહ્યા હતા, ત્યારે પહેલેથી જ રેકી કરી રહેલી બે શાતિર મહિલા તસ્કરોએ તેમની નજર ચૂકવી હતી. પળભરમાં જ મહિલાના ગળામાંથી પવિત્ર તુલસીના મણકાવાળી કિંમતી સોનાની કંઠી આંચકીને આ મહિલાઓ ત્યાંથી નાસી છૂટવાની ફિરાકમાં હતી.

### સુરેન્દ્રનગરમાં આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોનો હુંકાર

## લઘુત્તમ વેતનના પ્રશ્ને કલેક્ટર કચેરી સુધી કાઢી રેલી, સરકારને 30 તારીખનું અલ્ટીમેટમ!

સુરેન્દ્રનગર

રાજ્યભરમાં પોતાની સઘન આરોગ્ય સેવાઓ આપતી હોવા છતાં આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોને પૂરતું વળતર કે ન્યાય ન મળતા હવે તેમનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સુરેન્દ્રનગર ખાતે આજે સેંકડો આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોએ પોતાના હક્ક અને અધિકારો માટે મોરો માંડ્યો હતો. લઘુત્તમ વેતન સહિતના લાંબા સમયથી પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે કલેક્ટર કચેરી સુધી ભવ્ય અને રોષપૂર્ણ રેલી કાઢીને બહેનોએ શાંતિપૂર્ણ પરંતુ મક્કમ વિરોધ નોંધાવ્યો હતો. સરકારના આરોગ્ય ક્ષેત્રના પાયાના સ્તંભ સમાન ગણાતી આશા વર્કર બહેનો દિવસ-રાત પોતાની ફરજ બજાવે છે, છતાં તેમને



યોગ્ય અને સન્માનજનક વેતન મળતું નથી. લાંબા સમયથી પોતાની માંગણીઓ રજૂ કરવા છતાં વહીવટી તંત્ર અને સરકારી બાબુઓ દ્વારા માત્ર આશ્વાસનો જ આપવામાં આવ્યા છે. કલેક્ટર કચેરીએ પહોંચીને બહેનોએ સ્પષ્ટ શબ્દોમાં રજૂઆત કરી હતી કે હવે અન્યાય સાંખી લેવામાં નહીં આવે અને તંત્ર વહેલી તકે આ મામલે યોગ્ય ન્યાય કરે. આંદોલનની આગેવાની કરી રહેલા મહિલા શક્તિ સેનાના પ્રમુખ ચંદ્રિકા સોલંકી અને આશા વર્કર આગેવાનોએ સરકાર અને તંત્રને સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે– 'આગામી તારીખ ૩૦ સુધીનો સમય તંત્રને આપવામાં આવે છે. જો આ નિર્ધારિત સમયમર્યાદામાં સરકાર દ્વારા કોઈ સંતોષકારક કે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આંદોલન માત્ર સુરેન્દ્રનગર પૂરતું સીમિત નહીં રહે, પરંતુ રાજ્યભરમાં સરકારી કચેરીઓ સામે આંદોલન વધુ મજબૂત, ભીષણ અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે!' મહિલાઓની આ ગર્જનાથી જિલ્લા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે. અલ્પ વેતનમાં કઠોર પરિશ્રમ કરતી આ બહેનોની ધૈર્યની સીમા હવે ટૂંકી થઈ રહી છે. ૩૦ તારીખનું અલ્ટીમેટમ આપ્યા બાદ હવે સરકાર કેવો નિર્ણય લે છે તેના પર સૌની નજર ટકેલી છે.

## દાંતા-હડાદમાં આંગણવાડીના જથ્થાના વિતરણ સામે વિવાદ : નવા CDPOની કામગીરીને લોકોની પ્રશંસા

### પરંતુ અગાઉ જથ્થાના બારોબાર વેચાણના આક્ષેપો ધરાવતા વિતરકને ફરી જવાબદારી સોંપતાં સવાલો ઊઠ્યા

દાંતા

દાંતા અને હડાદ તાલુકામાં આંગણવાડી વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી સકારાત્મક બદલાવ જોવા મળી રહ્યો છે. નવા CDPO સાહેબ આવ્યા બાદ આંગણવાડી બહેનો પણ નિયમિત અને સારી કામગીરી કરી રહી છે. બાળકોને સમયસર પોષણયુક્ત આહાર મળી રહ્યો હોવાથી વાલીઓ અને સ્થાનિકોમાં તેમની કામગીરી બિરદાવાઈ રહી છે. પરંતુ આ સારી કામગીરી વચ્ચે એક કાળો ડાઘ ફરીથી ચર્ચામાં આવ્યો છે, જેના કારણે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. શું છે સમગ્ર મામલો?આક્ષેપ મુજબ, અગાઉ આંગણવાડીઓ માટે ફાળવાતા પોષણયુક્ત જથ્થાને બારોબાર વેચી દેવાનું મોટું કૌભાંડ સામે આવ્યું હતું. નાના બાળકોના હકના આ જથ્થા ભરેલી ગાડીઓ અલગ-અલગ જગ્યાએ મુદ્દામાલ સાથે પકડાઈ હોવાના વીડિયો અને ગાડીના નંબર સહિતના આધાર પુરાવા મીડિયા સમક્ષ પણ આવ્યા હતા.ગ્રામજનોના જણાવ્યા મુજબ, તે સમયે આ મામલો કોઈ કારણસર શાંત પાડી દેવામાં આવ્યો હતો અને કોઈ કડક કાર્યવાહી થઈ ન હતી.ફરીથી એ જ વ્યક્તિને વિતરણ સોંપતા સવાલોનો વંટોળ હવે સૌથી ચોંકાવનારી વાત એ છે કે જે વિતરણ વ્યવસ્થા સામે આટલા ગંભીર આક્ષેપો હતા, તે જ વિતરણ કરનારને ફરીથી દાંતા અને હડાદ તાલુકામાં આંગણવાડીના જથ્થાના વિતરણની કામગીરી સોંપવામાં આવી છે. વીડિયો અને ગાડી નંબર જેવા પુરાવા આપવા છતાં તંત્ર દ્વારા તેની તપાસ કેમ ન કરવામાં આવી? એકલા હાથે તાળી નથી પડતી. શું આ જથ્થો ગોડાઉનથી સીધો બારોબાર વેચવામાં કોન્ટ્રાક્ટરની પણ મિલીભગત છે? કારણ કે કોન્ટ્રાક્ટરની જાણ બહાર આટલો મોટો જથ્થો બહાર જઈ જ કેવી રીતે શકે? જ્યારે નવા CDPO સારું કામ કરી રહ્યા છે ત્યારે આવા વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવતા વિતરકને રાખવાથી તેમની સારી કામગીરી પર પણ ડાઘ લાગી રહ્યો છે.

### શુદ્ધ ઘીના નામે ઝેર વેચતું મોટું રેકેટ પકડાયું

## સુરતના અબ્રામા વિસ્તારમાં નકલી ઘી બનાવતી ફેક્ટરી પર પોલીસ અને ફૂડ વિભાગનો સપાટો!!

સુરત

તહેવારોની મોસમ નજીક આવતા જ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા ભેળસેળિયાઓ સક્રિય થઈ જતા હોય છે. સુરત શહેરના ઉત્રાણ પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત આવતા અબ્રામા રોડ પર ચાલતા આવા જ એક ઘાતક નકલી ઘીના કારખાના પર પોલીસે અને ફૂડ સેફ્ટી વિભાગે સંયુક્ત રીતે ત્રાટકીને મોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે. શુદ્ધ ઘીના નામે નાગરિકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકનારા આ રેકેટનો પર્દાફાશ થતાં સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત સચોટ વિગતો મુજબ, સુરતના અબ્રામા રોડ પર આવેલા માધવ કેમ્પસના ગોડાઉન નં. ૧૮માં ગેરકાયદેસર રીતે નકલી ઘી બનાવવાનું કારખાનું ધમધમી રહ્યું હતું. બાતમીના આધારે ઉત્રાણ પોલીસ અને ફૂડ સેફ્ટી વિભાગની ટીમે અહીં અચાનક દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપીઓ અસલી ઘીની સુગંધ અને દેખાવ લાવવા માટે: સોયાબીન તેલ અને વનસ્પતિ (ડાલડા) ઘી નો ઉપયોગ કરતા હતા. તેમાં હાનિકારક કેમિકલ ફ્લેવર્સ અને એસેન્સ મિક્સ કરીને તેને અસલી ગાય કે ભેંસના ઘી તરીકે પેક કરતા હતા. આ નકલી ઘી સુરત સહિત આસપાસના વિસ્તારો તેમજ અન્ય જગ્યાઓ પર મોટા પ્રમાણમાં સપ્લાય કરવામાં આવતું હોવાની શંકા છે.

પોલીસ અને આરોગ્ય વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં સ્થળ પરથી આશરે ૧,૬૯૪ કિલોગ્રામ શંકાસ્પદ નકલી ઘી તેમજ ઘી બનાવવાની સામગ્રી, મશીનરી અને તેલના ડબ્બા મળી કુલ ૧૨ થી ૧૮ લાખ રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપીઓ સન્ની કલ્પેશભાઈ મોદી, કિશનભાઈ મનોજભાઈ મોદી અને કલ્પેશભાઈ સુંદરલાલ મોદીની અટકાયત કરવામાં આવી છે. આ તમામ આરોપીઓ મૂળ બનાસકાંઠા જિલ્લાના ડીસાના વતની છે અને હાલ સુરતના અમરોલી વિસ્તારમાં રહેતા હતા.

## તંત્રી લેખ...

# જ્યારે સિસ્ટમ મૂકપક્ષી બને, ત્યારે રસ્તા પર ઉતરેલી જનશક્તિ જ શાસકોના સિંહાસન ડુલાવી દે છે!

### "ચીફ જસ્ટિસના નિવેદનને શિરોધાર્ય કરી રાહુલ ગાંધીએ કાનૂની જંગની શરૂઆત કરી છે: પરંતુ હવે અદાલતો માટે 'આંખ આડા કાન' કરવાનું સહેલું નહીં રહે! જંતરમંતર પર યુવતીઓની લોખંડી હિંમતે સાબિત કરી દીધું કે ગુલામીની માનસિકતા હવે કચડાઈ ચૂકી છે."

દેશની રાજધાની દિલ્હીથી લઈને ગલીઓ સુધી હાલ જે રાજકીય અને સામાજિક ભૂકંપ સર્જાયો છે, તે કોઈ સામાન્ય ઘટના નથી. આઝાદ ભારતના ઈતિહાસમાં ક્યારેય એવું જોયું નહોતું કે જે પવિત્ર સંસ્થાઓએ બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવાનું હતું, તે જ સંસ્થાઓ સત્તાના મોહમાં આંધળી બનીને મૂકપક્ષી બની જાય. વિપક્ષના નેતાઓ સાથે બેઠક કરવાનું, તેમની વાત સાંભળવાનું ટાળતી અને સામાન્ય નિયમોમાં મનસ્વી અપવાદો કરીને માત્ર પસંદગીના પત્રકારોને 'ડાહ્યોડમરો' ગોળગોળ જવાબ આપવાનું વલણ ધરાવતી સર્વોચ્ચ વ્યવસ્થા સામે હવે જનતાનો અસંતોષ જ્વાળામુખી બનીને ફાટ્યો છે.

આજે દેશના ઈતિહાસમાં એક નવો વળાંક આવ્યો છે, જ્યારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા ચીફ જસ્ટિસના તાજેતરના નિવેદનને માન આપીને સીધો કાનૂની જંગ શરૂ કરવામાં આવ્યો છે.



અગાઉની અરજીઓ પર આંખ આડા કાન કરનાર તંત્ર હવે બચી શકશે નહીં!

આ અગાઉ પણ દેશના અનેક જાગૃત નાગરિકો, સામાજિક સંગઠનો અને બુદ્ધિજીવીઓ દ્વારા SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) અને મતદાર યાદીમાં આચરવામાં આવતી ગેરરીતિઓ તથા 'વોટચોરી' ના ગંભીર મુદ્દે અદાલતના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા. દુઃખની વાત એ છે કે ત્યારે અદાલતોનું વલણ મોટાભાગે 'આંખ આડા કાન' કરવાનું અને સત્તાધીશ સિસ્ટમને આડકતરો ટેકો આપવાનું રહ્યું હતું.

પરંતુ સમય બદલાયો છે, જનતાની આંખો ખુલી ચૂકી છે અને હવેના બદલાયેલા રાજકીય તથા સામાજિક માહોલમાં અદાલતો કે તપાસી તંત્રો માટે પેલા જૂના વલણને જાળવી રાખવું જરાય સહેલું નહીં પડે. જો હવે પણ ન્યાયતંત્ર આંખ બંધ કરીને બેસી રહેશે, તો દેશની પ્રજાનો લોકશાહી પરથી કાયમ માટે વિશ્વાસ ઉઠી જશે.

'આ કોઈ એક પક્ષની રેલી નથી, આ વોટચોરી વિરુદ્ધનો મહાસંગ્રામ છે!'

આજે દિલ્હીની ધરતી પર જે પ્રચંડ જનમેદની અને માનવ મહેરામણ ઉમટ્યો છે, તેણે વર્તમાન શાસકોના શ્વાસ અધ્ધર કરી દીધા છે. આ મહારેલીમાં રાહુલ ગાંધીએ ગર્જના કરતા સ્પષ્ટ શબ્દોમાં દેશને સંદેશ આપ્યો છે કે, 'આ કોઈ એક રાજકીય પક્ષ કે દળની લડાઈ નથી, પરંતુ આ દેશના કરોડો નાગરિકોના મતાધિકારની ચોરી સામેનો આરપારનો જંગ છે.'

જ્યારે ચૂંટણીઓમાં અદ્રશ્ય હાથો દ્વારા મતોની હેરાફેરી થતી હોય અને જનતાના જનાદેશ સાથે ચેડાં થતા હોય, ત્યારે ચૂપ બેસી રહેવું એ પણ એક પ્રકારનો અપરાધ છે. આ વિશાળ જનસમુદાયના આગમનથી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આગામી દિવસોમાં આ શાસક ગેંગ અને ભ્રષ્ટ વ્યવસ્થાની મુશ્કેલીઓમાં ચરમસીમાનો વધારો થવાનો છે.

જંતરમંતર પર નારીશક્તિનો હુંકાર: યુવતીઓની અદમ્ય હિંમતે પોલીસને પણ હચમચાવી દીધી!

આ સમગ્ર આંદોલનનું જો સૌથી કોઈ પ્રેરણાદાયક પાસું હોય, તો તે દિલ્હીના જંતરમંતર પર ખેલાઈ રહેલો સામાજિક સંઘર્ષ છે. જ્યાં એક તરફ સરકાર પોતાની દમનકારી પોલીસ મશીનરીનો ઉપયોગ કરીને વિરોધના અવાજને કચડી નાખવા માગે છે, ત્યારે બીજી તરફ ત્યાં હાજર રહેલા પત્રકારો, યુવા પ્રદર્શનકારીઓ અને ખાસ કરીને દેશની તે યુવતીઓ કે જેઓ અદમ્ય હિંમતે અન્યાય સામે સીધી છાતીએ ટક્કર આપી રહી છે–તે અદ્ભુત અને વંદનીય છે.

પોલીસના લાઠીચાર્જ, બળપ્રયોગ અને ધાકધમકીઓ વચ્ચે આ દીકરીઓ જરાય પીછેહટ કર્યા વગર અડગ ઊભી છે. સત્તાના જોરે સત્યનો અવાજ દબાવવા મથતી પોલીસ સામે આ નારીશક્તિનો સંઘર્ષ જોઈને માત્ર આદર જ નહીં, પણ દેશના ઉજ્જવળ ભવિષ્ય પ્રત્યેનો વિશ્વાસ પણ દ્રઢ થાય છે.

તંત્રી નિષ્કર્ષ: હવે જનતા ચૂપ નહીં બેસે!

દેશની પ્રજા, યુવાનો અને વિપક્ષી નેતાઓ જ્યારે બંધારણ અને લોકશાહીને બચાવવા માટે રસ્તા પર લોહીનું પાણી કરી રહ્યા છે, ત્યારે કાગળ પર બેસીને લોકશાહીના રક્ષણની બડાઈ હાંકનારાઓએ આત્મમંથન કરવાનો સમય આવી ગયો છે. જનતા હવે જાગી ચૂકી છે અને આ અનીતિ વિરુદ્ધનો અવાજ હવે દબાવી શકાશે નહીં. રાહુલ ગાંધીના નેતૃત્વમાં અને જનતાના સાથથી શરૂ થયેલી આ લડાઈ હવે તેના અંજામ સુધી પહોંચીને જ રહેશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગરબો જેવો પહેલા હતો: 'બ્રોસ ના ગરબા'એ લાવી આપ્યો પરંપરાગત નવરાત્રીનો અસલી આત્મા

અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

એક એવા સમયમાં જ્યાં તહેવારોની ઉજવણી વ્યાવસાયિક ઝાકઝમાળ, મોટેથી વાગતા ડીજે બીટ્સ અને ઘોંઘાટથી ભરેલા મનોરંજન સુધી સીમિત થઈ ગઈ છે, ત્યાં 'નીશ એક્સપિરિયન્સ' ગુજરાતના આ સૌથી મોટા પર્વના અસલી આત્મા અને ઓળખને પુનઃસ્થાપિત કરવા માટે આગળ આવ્યું છે. 'નીશ બાય કામના'ના સ્થાપક કામના વ્યાસ, જેઓ છેલ્લા 6 થી 7 વર્ષથી સાંસ્કૃતિક અનુભવો








અને ઈવેન્ટ્સના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય કરી રહ્યા છે, તેમના માર્ગદર્શન હેઠળ યોજાવા જઈ રહેલ 'બ્રોસ ના ગરબા' લોકોને ભૂતકાળમાં લઈ જઈને નવરાત્રીને તેના સૌથી શુદ્ધ અને પ્રામાણિક સ્વરૂપમાં અનુભવવાનો વાદો કરે છે.

આપણા મૂળ તરફ વાપસી

"ગરબો જેવો પહેલા હતો"ના ભાવનાત્મક સંદેશ સાથે, આ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ પરંપરા, પવિત્ર ભક્તિ અને સાચા સામાજિક જોડાણની દિશામાં એક સાર્થક પહેલ છે. ઐતિહાસિક રીતે, ગરબો એ માત્ર એક ભવ્ય પાર્ટી કે ટ્રેન્ડિંગ સોશિયલ ગેધરિંગ નહોતો; તે માતાજીની ભક્તિ, આધ્યાત્મિક જોડાણ અને સાંસ્કૃતિક એકતાની એક ઊંડી અભિવ્યક્તિ હતો. 'બ્રોસ ના ગરબા' એ જ પવિત્ર વાતાવરણને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે આધુનિક કોમર્શિયલ ગ્રાઉન્ડ્સના ઘોંઘાટ અને દેખાડાથી દૂર એક શાંતિપૂર્ણ અનુભવ આપે છે.

છેલ્લાં છ થી સાત વર્ષોમાં, કામના વ્યાસે 'નીશ બાય કામના' દ્વારા પોતાની સર્જનાત્મક દ્રષ્ટિને એવા સાંસ્કૃતિક આયોજનો માટે સમર્પિત કરી છે જે લોકોને તેમના વારસા સાથે જોડે છે. 'બ્રોસ ના ગરબા' સાથે તેમનો આ દ્રષ્ટિકોણ માતાજીની આરાધના, દેશી હસ્તકળા અને લોક વારસાની સુંદરતા પર કેન્દ્રિત છે.

એક સમય હતો જ્યારે ગરબો સાદગી, પવિત્ર તાલ અને પરસ્પર આનંદથી ઓળખાતો હતો. 'બ્રોસ ના ગરબા' એ જ સદાબહાર અહેસાસને પાછો લાવે છે, જ્યાં માતાજીની ઉપાસનાની સાથે સાથે પરંપરાગત હસ્તકળા, કારીગરી અને ગુજરાતી સંસ્કૃતિના અમર સ્વરૂપની ઉજવણી કરવામાં આવશે. અહીં કોઈ બિનજરૂરી દેખાડો કે ફિજૂલખર્ચી નથી–બસ સાદગી, સાચી ભક્તિ અને પરંપરાગત ગુજરાતી ગરબાની વાસ્તવિક ઊર્જા છે.

શું બનાવે છે 'બ્રોસ ના ગરબા'ને ખાસ?

૧. પ્રામાણિક ભક્તિ અને ઉપાસના

આ આયોજન સંપૂર્ણપણે માતાજીની આરાધના પર કેન્દ્રિત છે. વાતાવરણને નવરાત્રીની આધ્યાત્મિક પવિત્રતાને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે, જ્યાં લોકો પરંપરાગત ગરબા ગીતો અને પ્રાચીન લોકધૂનો દ્વારા ઉત્સવની ભક્તિમય જડો સાથે ઊંડાણપૂર્વક જોડાઈ શકે છે.

૨. દેશી શિલ્પ અને કારીગરીનો વારસો

માત્ર ગરબા જ નહીં, 'બ્રોસ ના ગરબા' પરંપરાગત કારીગરો અને સ્થાનિક શિલ્પકારો માટે પણ એક મોટું મંચ છે. અહીં આવનારા લોકો હાથબનાવટની કળા અને પરંપરાગત સજાવટનો અનુભવ કરશે, જે ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક મૂળ સાથે સીધો સંપર્ક કરાવે છે.

૩. દેખાડા વગરની શુદ્ધ ઊર્જા

વ્યાવસાયિક વિક્ષેપો, વીઆઈપી કલ્ચર અને કૃત્રિમ ચમકધમકને દૂર રાખીને, આ કાર્યક્રમ એક એવું વાતાવરણ પૂરું પાડે છે જ્યાં ગરબો જ આનંદ, એકતા અને સંસ્કૃતિની સૌથી મોટી અભિવ્યક્તિ બની રહે છે.

૪. ઊંડું સામાજિક જોડાણ

જૂના જમાનાની પરંપરાગત શેરીઓ, શેરી-શેરીના ગરબા અને પોળોની ભાવનાને જીવંત રાખતા, આ આયોજન તમામ પેઢીના લોકો વચ્ચે પરસ્પર પ્રેમ, સાંસ્કૃતિક ગૌરવ અને આત્મીયતાને પ્રોત્સાહન આપે છે.

એક નજરે ઈવેન્ટની હાઈલાઈટ્સ

વિભાવના (ખ્યાલ): ગરબો જેવો પહેલા હતો (પરંપરાગત અને પ્રામાણિક નવરાત્રી)

મુખ્ય થીમ: સાંસ્કૃતિક વારસો, દેશી હસ્તકળા અને શુદ્ધ ભક્તિ

ક્યુરેટર અને સ્થાપક: કામના વ્યાસ (નીશ બાય કામના)

પ્રસ્તુતિ: નીશ એક્સપિરિયન્સ

સાંસ્કૃતિક અનુભવ: કામના વ્યાસના 6 થી 7 વર્ષના વિશિષ્ટ સાંસ્કૃતિક અનુભવ પર આધારિત

એક અમર સાંસ્કૃતિક ચળવળ

જો તમે વીતેલા દિવસોની નવરાત્રીની સાદગી, આત્મીયતા અને આધ્યાત્મિક શ્રદ્ધાને મિસ કરી રહ્યા હોવ, તો 'બ્રોસ ના ગરબા' તમારા માટે જ છે. એક એવા વિચારપૂર્વક તૈયાર કરાયેલા વાતાવરણનો હિસ્સો બનો જે આપણા પૂર્વજોની પરંપરાઓનું સન્માન કરે છે, સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપે છે અને ગુજરાતી વારસાને તેના સૌથી શુદ્ધ સ્વરૂપમાં ઉજવે છે.

# સુપ્રીમ કોર્ટ કૂચ દરમિયાન રાજકારણમાં ભૂકંપ: રાહુલ ગાંધી પર ગર્ભવતી મહિલા પત્રકારને ધક્કો માર્યાનો ગંભીર આરોપ; કોંગ્રેસ અને ભાજપ આમને-સામને!

નવી દિલ્હી (ખાસ પ્રતિનિધિ)

દેશની રાજધાની દિલ્હીમાં વિપક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટ તરફ કાઢવામાં આવેલા વિરોધ માર્ચ અને કૂચ દરમિયાન એક અત્યંત ચોંકાવનારો અને વિવાદાસ્પદ માહોલ સર્જાયો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની આગેવાનીમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શન વેળાએ એક મહિલા પત્રકારે રાહુલ ગાંધી પર ગંભીર આક્ષેપો કર્યા છે કે માર્ચ દરમિયાન તેમને ધક્કો મારવામાં આવ્યો હતો અને તેમની સાથે દુર્વ્યવહાર થયો હતો. આ ઘટના બાદ રાષ્ટ્રીય રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે અને સત્તા તથા વિપક્ષ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું છે.

## શું છે સમગ્ર ઘટના અને પત્રકારના આક્ષેપો?

પ્રાપ્ત વિગતો મુજબ, ઈન્ડિયા ગઠબંધન દ્વારા ચૂંટણી પંચ અને અન્ય મુદ્દાઓને લઈને સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ કાઢવામાં આવી હતી. આ કવરેજ કરી રહેલી ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મ સાથે જોડાયેલી અને ત્રણ મહિનાની ગર્ભવતી મહિલા પત્રકાર રિચા પરાસર દ્વારા એવો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે કે જ્યારે તેઓ રાહુલ ગાંધીની બાઈટ કે કવરેજ માટે નજીક હતા, ત્યારે અચાનક ધમાલ વધી હતી.

## હોસ્પિટલના બિછાનેથી આપેલા નિવેદનમાં પત્રકારે જણાવ્યું હતું કે:

'રાહુલ ગાંધીએ ગુસ્સામાં મારો હાથ પકડીને આંચકો માર્યો અને મને ધક્કો આપ્યો, જેના કારણે હું સીડીઓ પર મોઢાભેર પછડાઈ ગઈ.'

'મારા કેમેરામેનને પણ ધક્કો મારવામાં આવતા તે મારા પર પડ્યો અને અન્ય ચાર-પાંચ લોકો પણ ઉપર આવીને પડ્યા, જેના કારણે મને પેટ અને ઘૂંટણમાં ગંભીર ઈજાઓ થઈ છે.'

આ ઘટના બાદ તેમને તબીબી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## ભાજપનો હલ્લો અને કોંગ્રેસ દ્વારા પલટવાર

આ મામલો સામે આવતા જ ભારતીય જનતા પાર્ટી (BJP) ના પ્રવક્તાઓ અને નેતાઓએ આક્રમક વલણ અપનાવ્યું છે. ભાજપ દ્વારા સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને દાવો કરવામાં આવ્યો છે કે વિપક્ષના નેતાનું આ વર્તન અત્યંત અસંવેદનશીલ છે. ભાજપના નેતાઓએ સવાલ ઉઠાવ્યો છે કે શું પત્રકારો સાથે આવો વ્યવહાર યોગ્ય છે?

બીજી તરફ, કોંગ્રેસ પાર્ટી અને તેના નેતાઓએ (જેમ કે અલકા લાંબા સહિતના અગ્રણીઓ) આ તમામ આક્ષેપોને સદંતર ફગાવી દીધા છે. કોંગ્રેસે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતા આ ઘટનાને ભાજપનું રાજકીય પ્રચારતંત્ર (Propaganda) ગણાવ્યું છે અને વીડિયોની સમયરેખા તથા હોસ્પિટલમાં દાખલ થવાની પ્રક્રિયા સામે સવાલો ઊભા કર્યા છે. કોંગ્રેસનું કહેવું છે કે વાયરલ થઈ રહેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે ભીડ અને ધક્કામુક્કીની સ્થિતિ હતી અને આ મામલે રાજકીય રોટલા શેકવામાં આવી રહ્યા છે.

# ફ્લાયદુબઈ ફ્લાઇટ હાઇજેક મામલામાં મોટો ઘટસ્ફોટ: માલદીવના 2 પાયલટની ધરપકડ

માલે

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ' ફ્લાઇટને હાઈજેક કરી ક્રેશ કરવાના કાવતરામાં UAE પોલીસે 2 માલદીવના પાયલટની ધરપકડ કરી છે. 30 સપ્ટેમ્બરે મુખ્ય પાયલટ સ્મિત મછાર પર કુહાડીથી હુમલો થયો હતો. આતંકી ષડયંત્રની શંકા વચ્ચે ભારતીય NIA પણ તપાસમાં જોડાઈ છે. ઝડપાયેલા પાયલટ આરોપી કો-પાયલટના સંપર્કમાં હતા. દુબઈથી તેલ અવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ' ફ્લાઇટને હાઈજેક કરી ક્રેશ કરવાના કાવતરામાં સંયુક્ત આરબ અમીરાત (UAE) પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે આ જ એરલાઈનમાં કામ કરતા માલદીવના 2 પાયલટની ધરપકડ કરી છે. આ ઘટનાને આતંકી હુમલાનો પ્રયાસ ગણાવી તપાસ તેજ કરવામાં આવી છે, જેમાં ભારતની રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) પણ સામેલ થઈ છે. ધરપકડ કરાયેલા બંને પાયલટ માલદીવના વતની છે અને તાજેતરમાં જ ફ્લાયદુબઈ એરલાઈનમાં જોડાયા હતા. મીડિયા અહેવાલો મુજબ, UAE પોલીસે 3 ઑક્ટોબરના રોજ તેમની અટકાયત કરી હતી. UAE સ્થિત માલદીવના દૂતાવાસે તેમના પરિવારોને જાણ કરી દીધી છે, પરંતુ સત્તાવાર રીતે કોઈ વધુ નિવેદન આપવાનો ઈન્કાર કર્યો છે. હવામાં મુખ્ય પાયલટ પર કુહાડીથી હુમલો આ સમગ્ર મામલો 30 સપ્ટેમ્બરનો છે. ફ્લાયદુબઈના ઓમાની કો-પાયલટ હમ્મામ અલ-હમ્મામી પર મુખ્ય પાયલટ સ્મિત મછાર પર કુહાડી વડે હુમલો કરવાનો અને ફ્લાઇટને હાઈજેક કરી ક્રેશ કરવાનો ગંભીર આરોપ મૂકાયો છે. ઘટના બાદ તરત જ આરોપી સામે કડક પગલાં લેવામાં આવ્યા હતા.

આરોપી કો-પાયલટ સાથે માલદીવના પાયલટ્સનું કનેક્શન




ઝડપાયેલા માલદીવના બંને પાયલટ્સ ફરજ દરમિયાન આરોપી હમ્મામ અલ-હમ્મામીના સતત સંપર્કમાં હતા અને તે જે બિલ્ડિંગમાં રહેતો હતો ત્યાં જ રહેતા હતા. જોકે, હાઈજેકના આ કાવતરામાં તેમની ચોક્કસ ભૂમિકા શું હતી અને તેમની સામે કયા પુરાવા મળ્યા છે તે અંગે પોલીસે હજુ સુધી કોઈ ખુલાસો કર્યો નથી. UAE પ્રશાસને આ હુમલાને આતંકવાદી ષડયંત્ર ગણાવ્યું છે. આરોપી કો-પાયલટ કટ્ટરપંથી વિચારધારાથી પ્રભાવિત હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ આંતરરાષ્ટ્રીય કાવતરા પાછળનો પર્દાફાશ કરવા માટે ભારતીય તપાસ એજન્સી NIA દ્વારા પણ ગુનો નોંધીને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

# દેશના અસલી હીરો ક્યાં તો સંત તુકારામ હોય અથવા તો IAS તુકારામ!

'૨૧ વર્ષની નોકરી અને ૨૬ ટ્રાન્સફર! ભ્રષ્ટાચારની વહેતી ગંગામાં કોરા ધોકાર રહેનારા આ અધિકારીએ સાબિત કરી દીધું કે નેતાઓ અને માફિયાઓ ગમે તેટલા જોર કરે, પણ ઈમાનદારીનો સૂરજ ક્યારેય આથમી શકાતો નથી!'

વિચાર અને વિશ્લેષણ (વિશેષ પ્રતિનિધિ):

આજના ભૌતિકવાદી અને ભ્રષ્ટાચારના કળણમાં ડૂબેલા યુગમાં જો કોઈ વ્યક્તિ સત્તાના સિંહાસન સામે ટક્કર લઈને માત્ર લોકકલ્યાણ અને બંધારણના રસ્તે ચાલે, તો તેને કાં તો તોડી નાખવામાં આવે છે અથવા તો તેની જિંદગી નર્ક બનાવી દેવામાં આવે છે. ભારતમાં અધિકારી કે નેતા બન્યા પછી ભ્રષ્ટાચાર કરવો એ કોઈ મોટી વાત નથી રહી, તે પાણી પીવા જેટલું સરળ થઈ ગયું છે. પરંતુ સૌથી અઘરી અને લોખંડી જીગર માંગતી કોઈ બાબત હોય, તો તે છે ભ્રષ્ટાચારની આ વહેતી ગંગામાં હાથ ધોવાથી બચવું!

આ મહાસાગરમાં જો કોઈ અધિકારી કોરા ધોકાર અને પવિત્ર આત્મા બનીને જીવતો હોય, તો તેમાં સૌથી પહેલું નામ ગુંજ McClellan - IAS તુકારામ મુંડેનું આવે છે.

૨૧ વર્ષની ડ્યુટી અને ૨૬ ટ્રાન્સફર: સત્તાધીશોની ધ્રુજારીનું બીજું નામ!

માણસ નવી નોકરીએ લાગે, ઘરમાં સામાન ગોઠવે અને પરિવાર સાથે ગોઠવાય તે પહેલાં તો કોઈક લાલચુ નેતા, કોઈક જમીન માફિયા કે કોઈક ભ્રષ્ટ રેતીચોરને વાંધો પડે અને તરત જ ટ્રાન્સફર લેટર હાથમાં આવી જાય–આ જ તુકારામ મુંડેની કરિયરની કડવી વાસ્તવિકતા રહી છે. ૨૧ વર્ષની સેવામાં ૨૬ વખત ટ્રાન્સફર થવી એ કોઈ સામાન્ય પ્રશાસનિક પ્રક્રિયા નથી, પરંતુ આ એ વાતનો પુરાવો છે કે જ્યારે કોઈ અધિકારી પ્રજાના હિતમાં કામ કરવા બેસે, ત્યારે સત્તાની ખુરશીઓ કેવી રીતે ધ્રુજવા લાગે છે.



સૌથી મોટું ટોર્ચર એ છે કે સિસ્ટમ તમને તોડવા માટે એડીચોટીનું જોર લગાવે છે. જો આ ટોર્ચરથી બચવું હોય, તો માત્ર એક જ રસ્તો છે–ભ્રષ્ટ બની જાઓ! પછી ઓટોમેટિક બધી જ માફિયા લોબીઓ સાથે સંબંધો સુધરી જાય, નેતાઓ ગલે લગાડે અને મલાઈદાર પોસ્ટિંગની રેવડીઓ મળવા લાગે. પરંતુ તુકારામ મુંડે જેવા અડગ યોદ્ધાઓએ ક્યારેય ઘૂ ટેક્યા નહીં.

સોશિયલ મીડિયાનો જમાનો: જનતા હવે અસલી હીરોને ઓળખે છે!

ખૈર, સમય બદલાયો છે. હવે ગુપ્ત રાખેલા ભ્રષ્ટાચારો છાના નથી રહેતા અને સોશિયલ મીડિયાના આ યુગમાં પ્રજા અસલી અને નકલી હીરો વચ્ચેનો ફરક સારી રીતે સમજે છે. જ્યારે-જ્યારે તુકારામ સાહેબે ભેળસેળિયાઓ, માફિયાઓ અને ભ્રષ્ટ તત્વો પર સપાટો બોલાવ્યો છે, ત્યારે-જ્યારે તેઓ સોશિયલ મીડિયા પર યુવાનોના રોલ મોડેલ બનીને વાયરલ થયા છે.

તાજેતરમાં મહારાષ્ટ્રની સરકારી પરીક્ષાઓમાં પેપર લીક અને કૌભાંડોના માહોલમાં જ્યારે વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા હતા, ત્યારે સરકાર દ્વારા તુકારામ મુંડેને સચિવની જવાબદારી સોંપવામાં આવી. ચમત્કાર જુઓ! જેવું નામ તુકારામ મુંડેનું આવ્યું, વિદ્યાર્થીઓએ તરત જ પોતાની હડતાળ સમેટી લીધી. કેમ? કારણ કે પ્રજા જાણે છે કે આ માણસ કોઈ મોટા-મોટા ખોટાં વચનો કે જુઠ્ઠા વાયદા નહીં કરે, પણ જો ખુરશી પર બેઠો છે તો ન્યાય આપશે જ!

તંત્રી નિષ્કર્ષ: સિસ્ટમને સુધારવા માટે આવા કેટલાય તુકારામની જરૂર!

દેશના ઈતિહાસમાં જ્યારે પણ પ્રામાણિકતાની વાત આવશે, ત્યારે સંત તુકારામના આધ્યાત્મિક વિચારો સાથે પ્રશાસનની ધરતી પર અડગ ઊભેલા IAS તુકારામ મુંડેનું નામ સુવર્ણક્ષરે લખાશે. નેતાઓ અને ભ્રષ્ટ તત્વો ભલે ગમે તેટલા કાવતરા રચે, પણ જ્યાં સુધી આવા અધિકારીઓ જીવિત છે, ત્યાં સુધી આ દેશની આશા જીવિત છે.

# સાઉદી અરેબિયામાં યુદ્ધ જેવી સ્થિતિ! હુથીઓના હુમલા વચ્ચે ક્રાઉન પ્રિન્સ સિક્રેટ બંકરમાં શિફ્ટ, સતત બદલ્યું લોકેશન

રિયાધ

યમનના હુથી બળવાખોરોના વધતા હુમલાને કારણે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની સુરક્ષા સઘન કરાઈ છે. 41 વર્ષીય પ્રિન્સ છેલ્લા એક અઠવાડિયાથી જાહેરમાં દેખાયા નથી. તેમને બંકરવાળા મહેલોમાં કડક સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યા છે. સરકારે મિસાઈલ-ડ્રોન હુમલાની માહિતી શેર કરનાર સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. સાઉદી અરેબિયા અને યમનના હુથી બળવાખોરો વચ્ચે વધતા સંઘર્ષની અસર હવે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની સુરક્ષા પર પણ જોવા મળી રહી છે. હુમલાના વધતા જોખમને ધ્યાનમાં રાખીને તેમની સુરક્ષા વધારી દેવામાં આવી છે. અહેવાલો અનુસાર, 41 વર્ષીય ક્રાઉન પ્રિન્સ



છેલ્લા એક અઠવાડિયાથી જાહેરમાં દેખાયા નથી અને સાવચેતીના ભાગરૂપે તેમને કડક સુરક્ષા તથા બંકરની સુવિધા ધરાવતા મહેલોમાં જ રાખવામાં આવી રહ્યા છે. અહેવાલો અનુસાર, આ સમગ્ર વ્યવસ્થાથી પરિચિત અધિકારીઓએ જણાવ્યું છે કે સાઉદી અરેબિયા અને હુથી બળવાખોરો વચ્ચે વધતા સંઘર્ષને કારણે સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે. ક્રાઉન પ્રિન્સની સુરક્ષા માટે ખાસ પસંદ કરાયેલી ટીમ પણ તહેનાત કરવામાં આવી છે. હુથી બળવાખોરોના હુમલાના જોખમ વચ્ચે સાઉદી અરેબિયાએ મિસાઈલ અને ડ્રોન સંબંધિત માહિતી જાહેર કરનારા લોકોને કડક ચેતવણી આપી છે. સરકારે છ ભાષાઓમાં સંદેશ જાહેર કરીને જણાવ્યું છે કે મિસાઈલ અને ડ્રોનને હવામાં તોડી પાડવાની કાર્યવાહી, તેમના કાટમાળ પડ્યો હોય તે સ્થળ અથવા હુમલાની અસર દર્શાવતાં દૃશ્યોનું શૂટિંગ કરવું કે તેને સોશિયલ મીડિયા પર શેર કરવું કાયદાકીય કાર્યવાહીનું કારણ બની શકે છે. આવા કિસ્સામાં ધરપકડ પણ થઈ શકે છે.સિવિલ ડિફેન્સ ઓથોરિટીએ પણ લોકોને હુમલા સાથે સંબંધિત તસવીરો, અફવાઓ કે ચકાસણી વિનાની માહિતી વહેંચવાથી દૂર રહેવાની સૂચના આપી છે. સરકારનું ધ્યાન સંવેદનશીલ સુરક્ષા માહિતીના પ્રસારને રોકવા પર છે.



### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના તીખા પ્રહારોનો ધમાકેદાર ધડાકો : માત્ર 48 કલાકમાં સ્ટ્રીટ લાઇટો ઝગમગી ઉઠી!

# ડભોઇ સરિતા ઓવરબ્રિજ પર VIP કલ્ચરનો પર્દાફાશ થતાં નિંદ્રાધીન તંત્ર સફાળું જાગ્યું

## 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના અહેવાલના પડઘાથી વહીવટી તંત્રમાં દોડધામ, યુદ્ધના ધોરણે બ્રિજ પર અંધારું દૂર કરી લાઇટો ચાલુ કરાઇ



ડભોઇ

લોકશાહીમાં જ્યારે શાસકો અને તંત્ર પ્રજાની વેદના પ્રત્યે કાન અને આંખ બંધ કરી લે છે, ત્યારે મીડિયા પ્રજાનો અવાજ બનીને તંત્રના અહંકારને ઝાટકવાનું કામ કરે છે. ડભોઈના સરિતા ઓવરબ્રિજ પર ચાલી રહેલા શરમજનક વીઆઈપી કલ્ચર અને તંત્રની ઉઘાડી બેદરકારી સામે પાક્કો ગુજરાત ન્યૂઝ એ ચલાવેલી ધારદાર અને ઘાતક ઝુંબેશનો સચોટ અને વિસ્ફોટક પ્રભાવ જોવા મળ્યો છે.

છેલ્લા એક મહિના કરતાં પણ વધુ સમયથી ઓવરબ્રિજ પર અંધારપટ છવાયેલો હતો અને સ્થાનિક પ્રજા જીવના જોખમે પ્રવાસ કરવા મજબૂર હતી. પરંતુ જેમ જ પાક્કો ગુજરાત ન્યૂઝ માં આ મુદ્દાને ઉઘાડો પાડતો તીખો અહેવાલ પ્રસિદ્ધ થયો, કે તુરંત જ કુંભકર્ણની નિંદ્રામાં સોયેલું વહીવટી તંત્ર સફાળું જાગી ગયું હતું. અહેવાલના માત્ર ૪૮ કલાકના ટૂંકા સમયગાળામાં તંત્રએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી સરિતા ઓવરબ્રિજ પરની તમામ બંધ સ્ટ્રીટ લાઈટો પુનઃ રાબેતા મુજબ ચાલુ કરી દેવાની ફરજ પડી છે.

વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા અત્યંત મહત્વપૂર્ણ અને વ્યસ્ત એવા સરિતા ઓવરબ્રિજ પર છેલ્લા એક માસથી સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં પડી હતી. રાત્રિના સમયે અહીંથી પસાર થતા સ્થાનિક નગરજનો, રોજિંદા વાહનચાલકો અને દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓ ઘોર અંધારામાં ચાલી રહ્યા હતા. ગંભીર અકસ્માતોની ભીતિ અને અસુરક્ષિત વાતાવરણ છતાં તંત્રના પેટનું પાણી હલતું નહોતું.

પરંતુ સૌથી શરમજનક અને ચિંતાજનક બાબત તો એ હતી કે-જ્યારે પણ કોઈ મુખ્યમંત્રી, મંત્રી કે વીઆઈપી મહાનુભાવોનો કાફલો આ બ્રિજ પરથી પસાર થવાનો હોય, ત્યારે જાદુઈ રીતે આ લાઈટો અચાનક ઝગમગી ઉઠતી હતી! વીઆઈપી જતાં જ ફરીથી પ્રજાને અંધારામાં ધકેલી દેવાતી હતી.

સામાન્ય જનતાના ટેક્સના નાણાંથી ચાલતા તંત્રના આ બેવડા વલણ, બેદરકારી અને ખુલ્લેઆમ ચાલી રહેલા વીઆઈપી કલ્ચરનો પર્દાફાશ પાક્કો ગુજરાત ન્યૂઝ ના અહેવાલમાં કરવામાં આવ્યો હતો. આ તીખા શીર્ષક સાથે પાક્કો ગુજરાત ન્યૂઝ માં અહેવાલ પ્રસિદ્ધ થતાં જ વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ગાંધીનગર સુધી અહેવાલના ઘેરા પ્રત્યાઘાતો પડતાં અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. પોતાની આબરૂ બચાવવા માટે તંત્રએ રાતોરાત એન્જિનિયરો અને ટેકનિકલ ટીમોને સ્થળ પર દોડાવી હતી. માત્ર ૪૮ કલાકની અંદર બ્રિજ પરના તમામ બંધ પોલ અને લાઈટોનું સમારકામ પૂરું કરીને સમગ્ર ઓવરબ્રિજને ફરીથી રોશનીથી ઝળહળતો કરી દેવામાં આવ્યો છે.

# માનસનું દર્શન કલ્યાણકારી છે: પૂ મોરારિબાપુ, સ્વસ્તિક યાત્રા કથા ચતુર્થ દિવસે હમ્પીમા

(તખુભાઇ સાંડસુર દ્વારા)

દક્ષિણ ભારતના કન્યાકુમારીથી કેદારનાથ સુધીની પૂ મોરારીબાપુની નિશ્રામાં ભારત સ્વસ્તિક કથાના ચોથા દિવસે કર્ણાટકના હમ્પી ખાતે ગાન થયું.

મ્પી શહેર પુરાતત્વ અને ધાર્મિકતાનું દક્ષિણ ભારતનો કેન્દ્રબિંદુ તરીકે પણ ઓળખવું રહ્યું.રામ ચરિત માનસની સમગ્ર ગાથા આ વિસ્તારમાંથી પ્રસાર અને પ્રસારિત થઈ છે. હનુમાનજી અને રઘુરાયનું મિલન આ સ્થળે થયું છે.એટલું જ નહીં પંપા સરોવર લોકમાતા શબરીને મળવાનો અવસર પણ આ જ ક્ષેત્રમાં થયો છે. એટલે રામચરિત માનસના આ ક્ષેત્રનું મહત્વ અધિક માનવામાં આવે છે. ભગવાન શિવના ખૂબ જ ઐતિહાસિક અને પૌરાણિક એવા વિરુપક્ષા શિવમંદિરના પ્રાંગણમાં આજે ચોથા દિવસની કથાનું આયોજન થયું હતું.કથાના મંગલ વચનોમાં પૂ મોરારિબાપુએ કહ્યું કે આ ભૂમિનો સંબંધ ચાર યુગ સાથે છે.હનુમાનજી મહારાજની આ ભૂમિ છે.



હનુમાનજીના કારણે આ ચાર યુગનો પ્રભાવ અહીં દેખાય છે.લોકમાતા શબરીજીની પણ આ ભૂમિ છે.તેથી તેને પાવનકારી તરીકે ઓળખતા રહ્યા છે.વર્ષો પહેલા અહીં આ હોસ્પેટ શહેરમાં કથાનો અવસર પણ પ્રાપ્ત થયો છે.

પોથી લઈને આપણે સાથીયો પુરવા નીકળ્યાં છીએ. આ સ્વસ્તિકને આપણે ત્રિભુવનનીય સ્વસ્તિક તરીકે ઓળખીએ.બીજા કેનવાસના સાથિયા પુરાય પણ આ સાથીયાનો રંગ અલગ છે.સ્વસ્તિકના 12 પ્રકારના દર્શનથી કલ્યાણ થાય છે.તેથી સ્વસ્તિકનું દર્શન મંગલકારી છે. આ દર્શનને આપણે દ્વાદશી દર્શન તરીકે ઓળખીએ છીએ. જેમાં માનસ દર્શન, વેદ દર્શન,શાસ્ત્ર દર્શન, ગૌમાતા દર્શન,આચાર્ય દર્શન,પરસ્પર દર્શન,સમાધી દર્શન વગેરેને ઓળખી શકીએ. બાપુએ આજની કથામાં ગોપાલન પર અધિક મહત્વ આપીને દેશ-દુનિયામાં થઈ રહેલા ગોપાલનના કાર્યની સરાહના કરી હતી. સમગ્ર જગતને ગોપાલનથી વેદ-ઉપનિષદ તરફ જવા અનુરોધ કર્યો હતો.

આજની કથામાં કાશી વિશ્વનાથના અગ્રણી પ્રતિનિધિ જગતગુરુ પૂ. સતુઆ બાબાજી પૂ.ગોપાલ બાબા અને અન્ય સંત ગણ પણ પોતાની ઉપસ્થિતિ હતાં. ટ્રેન દ્વારા યોજાઈ રહેલી રામકથા વિવિધ સ્થળોએ પર પહોંચે છે.એ ધાર્મિક ઐતિહાસિક સ્થાન પર કથાનું ગાન થાય છે. સાંજે બધાં જ શ્રદ્ધાળુઓ ફરી પાછા ટ્રેનમાં નવા ગંતવ્ય સ્થાન તરફ નીકળે છે.ચરૈવૈતિ ચરૈવૈતિના મંગલકારી મંત્રને સાર્થક કરીને ચાલતી આ યાત્રા વિવિધ પડાવો પર પોતાના શુભ સંકલ્પો અને સંદેશાઓ છોડતી જાય છે.

## છોટાઉદેપુર એસ.એફ. હાઇસ્કૂલ ખાતે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા યોજાયો 'ડ્રગ્સ અવેરનેસ' કાર્યક્રમ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

રાજ્યમાં નશાકારક પદાર્થોના દૂષણ સામે જનજાગૃતિ લાવવા અને "ડ્રગ્સ મુક્ત ગુજરાત"ના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશથી રાજ્યવ્યાપી ડ્રગ્સ અવેરનેસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે પોલીસ મહાનિદેશક સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ, ગાંધીનગર દ્વારા શરૂ કરાયેલા 'Addiction Free India Campaign - 2026' અંતર્ગત છોટાઉદેપુર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા એસ.એફ. હાઈસ્કૂલ ખાતે ખાસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એ.એન. પુવાર તથા છોટાઉદેપુર એજ્યુકેશન ટ્રસ્ટ અને એસ.ઓ.જી. ટીમના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને નશાના શારીરિક, માનસિક અને સામાજિક દુષ્પરિણામો અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, યુવા પેઢી નશાથી દૂર રહી ઉજ્જવળ ભવિષ્ય ઘડે તે માટે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફગણને નશામુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નાર્કોટિક્સ પદાર્થો સંબંધિત કાયદાકીય જોગવાઈઓ, તેના ઉલ્લંઘનથી થતી કાનૂની કાર્યવાહી તેમજ જરૂર જણાયે સંપર્ક કરવા માટે હેલ્પલાઈન નંબર ૧૯૩૩ અને ૧૯૦૮ અંગે પણ વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

# અલ્તાફ રાજા : એક એવો અવાજ, જે દિલને સ્પર્શે અને વિરહની વેદનાને સૂરમાં ઢાળે!

લેખક : રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

ભારતીય સંગીતજગતમાં કેટલાક અવાજ એવા હોય છે, જે માત્ર કાન સુધી સીમિત રહેતા નથી, પરંતુ સીધા હૃદયના ઊંડાણ સુધી પહોંચે છે. આવા જ એક આગવા અવાજનું નામ છે અલ્તાફ રાજા. કવ્વાલી, ગઝલ અને વિરહના ભાવસભર ગીતો દ્વારા તેમણે સંગીતપ્રેમીઓના હૃદયમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તેમની ગાયકીમાં પ્રેમની મીઠાશ, વિયોગની વેદના અને શાયરીની સુંદર અભિવ્યક્તિનો અનોખો સમન્વય જોવા મળે છે.



અલ્તાફ રાજાનો જન્મ ૧૫ ઑક્ટોબર, ૧૯૬૭ના રોજ મહારાષ્ટ્રના નાગપુરમાં થયો હતો. સંગીતના સંસ્કાર તેમને પરિવાર પાસેથી વારસામાં મળ્યા હતા. તેમના માતા-પિતા કવ્વાલી સાથે સંકળાયેલા હોવાથી નાનપણથી જ તેમને સંગીતનું વાતાવરણ મળ્યું. આ સંસ્કારોએ તેમની સંગીતયાત્રાને નવી દિશા આપી.

વર્ષ ૧૯૯૭માં રજૂ થયેલા તેમના લોકપ્રિય આલ્બમ 'તુમ તો ઠહરે પરદેશી' એ તેમને દેશભરમાં વિશેષ ઓળખ અપાવી. આ ગીતના શબ્દો અને હૃદયસ્પર્શી ગાયકી લોકજીભે ચડી ગયાં. પ્રેમમાં મળતી પીડા, વિરહની લાગણી અને પ્રિયજનથી દૂર થવાની વેદનાને તેમણે પોતાના અવાજમાં એવી રીતે રજૂ કરી કે શ્રોતાઓ ગીત સાથે ભાવનાત્મક રીતે જોડાઈ ગયા.

અલ્તાફ રાજાની વિશેષતા એ છે કે તેઓ ગીતના શબ્દોને માત્ર સ્વર આપતા નથી, પરંતુ તેમાં છુપાયેલી લાગણીઓને પણ જીવંત કરે છે. તેમની ગાયકીમાં કવ્વાલીની પરંપરા, ગઝલની નજાકત અને લોકપ્રિય સંગીતની સરળતા એકસાથે અનુભવાય છે.

'મુઝે અપના બના લો', 'દિલ કે ટુકડે હજાર હુએ' અને 'આજ કી રાત ના જા પરદેશી' જેવી રચનાઓએ પણ તેમની ઓળખને વિસ્તારી છે. તેમનાં ગીતોમાં પ્રેમ, બેવફાઈ, યાદો અને અધૂરી લાગણીઓનું ભાવસભર ચિત્રણ જોવા મળે છે. સંગીતની દુનિયામાં સમય સાથે અનેક પરિવર્તનો આવ્યાં છે. નવી પેઢીના ગાયકો અને નવી સંગીતશૈલીઓએ સ્થાન મેળવ્યું છે, છતાં અલ્તાફ રાજાના ગીતો સાથે જોડાયેલી યાદો આજે પણ ઘણા શ્રોતાઓના મનમાં જીવંત છે. કારણ કે સાચું સંગીત માત્ર મનોરંજન કરતું નથી, પરંતુ માણસના જીવનના અનુભવોને પણ સ્પર્શે છે. અલ્તાફ રાજાની સંગીતયાત્રા આપણને સમજાવે છે કે કલાકારની સાચી ઓળખ તેના અવાજની વિશિષ્ટતા અને શ્રોતાઓના હૃદયમાં ઊભા કરેલા સ્થાનથી બને છે. 'તુમ તો ઠહરે પરદેશી' જેવી રચનાએ તેમને જે લોકપ્રિયતા અપાવી, તે તેમની કારકિર્દીનો યાદગાર અધ્યાય છે.

# છોટાઉદેપુરના ખડકવાડા નજીક રેતી ભર્યા ડમ્પરની ટક્કરે હાઇસ્કૂલના વિદ્યાર્થીનું કરૂણ મોત, બે મિત્રો ગંભીર રીતે ઘાયલ

## એસ.એફ. હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા આશાસ્પદ યુવક અશોક રાઠવાનું ઘટનાસ્થળે જ નિપટ્યું મોત

અંકલેશ્વર

અંકલેશ્વર-બોડેલી તથા આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં બેફામ દોડતા ઓવરલોડ ડમ્પર અને ટ્રકો માસુમો માટે કાળમુખા સાબિત થઈ રહ્યા છે. આવી જ એક હૃદયદ્રાવક અને ગમખ્વાર અકસ્માતની ઘટના છોટાઉદેપુર જિલ્લાના ખડકવાડા ગામ નજીકથી સામે આવી છે. જ્યાં રેતી ભરીને પૂરપાટ ઝડપે ધસી આવેલા એક ટ્રકે બાઈકને જોરદાર અડફેટે લેતા એસ.એફ. હાઈસ્કૂલના એક આશાસ્પદ વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે બાઈક પર સવાર તેના અન્ય બે મિત્રો ગંભીર રીતે ઘવાયા છે.

ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, છોટાઉદેપુર તાલુકાના કનાસ ગામનો વતની





અને છોટાઉદેપુરની જાણીતી એસ.એફ. હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો અશોકભાઈ રામસિંગભાઈ રાઠવા પોતાના બે મિત્રો સાથે બાઈક પર સવાર થઈને પસાર થઈ રહ્યો હતો. તે જ સમયે ખડકવાડા ગામ નજીક સામેથી આવી રહેલી રેતી ભરેલી એક ટ્રકના ચાલકે ભારે બેદરકારી દાખવીને બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતા જ બાઈકના ફાચડા ઊડી ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અશોકભાઈ રાઠવાનું ઘટનાસ્થળે જ તડપી-તડપીને કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે તેની સાથે રહેલા અન્ય બે મિત્રોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાયા હતા.

### શિનોર પોલીસ સ્ટેશનની શિ- ટીમની સફળ પ્રશંસનીય કામગીરી

# પી.આઇ.ના માર્ગદર્શન હેઠળ ગણતરીના કલાકમાં ગુમ થયેલ કિશોરીને શિ-ટીમે શોધી કાઢી

સાધલી, હસમુખ પટેલ

ઓપરેશન પરાક્રમ હેઠળ શિનોર પોલીસ સ્ટેશને જણાવેલ હકીકત મુજબ તેઓને સંદીપસિંહ પોલીસ મહાન નિરીક્ષક વડોદરા વિભાગ, સુશીલ અગ્રવાલ પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય, તેમજ એ.એમ.પટેલ નાયબ પોલીસ અધિક્ષક ડભોઈના માર્ગદર્શન હેઠળ ગુમ બાળકોને શોધી કાઢવા ઓપરેશન પરાક્રમ હેઠળ સૂચના કરેલ છે.

શિનોર તાલુકાના સુરાશામળ ગામે રહેતા જગદીશભાઈ રમેશભાઈ બામણીયા એ તારીખ




12 ઓક્ટોબર 2026 ના રોજ ઓનલાઈન 112 નંબર ઉપર વર્ધી લખાવી હતી. જેમાં જણાવ્યું હતું કે તેમની દીકરી સોનલ જગદીશ બામણીયા ઉંમર વર્ષ 15 ,તારીખ 12 ઓક્ટોબરના રોજ સુરાશામળ ગામે પાણીની ટાંકી પાસેથી ગુમ થયેલ છે. આ વર્ધીના આધારે શિનોરના પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. વસાવાએ શિનોર પોલીસ સ્ટેશનના પોલીસ માણસો તેમજ શિનોર શિ- ટીમને સદર કિશોરીને શોધવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

જે આધારે શિ- ટીમ દ્વારા કિશોરી નો મોબાઈલ નંબર મેળવી, ટેકનિકલ સોર્સ અને હ્યુમન સોર્સથી આ કિશોરીને બાજુના મીઠોળ ગામેથી શોધી કાઢી હતી અને તેને શિનોર પોલીસ સ્ટેશને પૂછપરછ માટે લાવતાં કિશોરીએ જણાવ્યું હતું કે તેની માતાએ ઘરકામ બાબતે સામાન્ય ઠપકો આપતા, લાગી આવતો ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારબાદ તેના માતા પિતાને પોલીસ સ્ટેશનને બોલાવી આ દીકરીને તેઓને સોંપેલ હતી.

## વેસુ VIP રોડ પર ગન-ચપ્પાની અણીએ મહિલાને લૂંટવાનો પ્રયાસ, બે આરોપી ઝડપાયા

સુરત

વેસુ VIP રોડ પર કારમાં બેઠેલી મહિલાને ગન અને ચપ્પાની અણીએ લૂંટવાનો પ્રયાસ કરનારા ઉત્તર પ્રદેશના મેરઠના બે આરોપીઓને વેસુ પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓએ મહિલાના ગળા પર ચપ્પુ અને માથા પર દેશી તમંચો તાકી સોનાની ચેઈન અને બંગડીઓ લૂંટવાની કોશિશ કરી હતી. મહિલાએ હિંમતપૂર્વક પ્રતિકાર કરતાં ઝપાઝપી થઈ હતી, જેમાં તેના કાંડાના ભાગે સામાન્ય ઈજા પહોંચી હતી. આરોપીઓ મહિલાની કાર લઈને ભાગવામાં નિષ્ફળ રહેતાં નજીકની નિર્માણાધીન બિલ્ડિંગમાં સંતાઈ ગયા હતા. મહિલાની બૂમાબૂમ સાંભળીને પેટ્રોલિંગ કરી




રહેલી વેસુ પોલીસે તાત્કાલિક કોમ્બિંગ હાથ ધરી બંનેને દબોચી લીધા હતા. પોલીસે મેરઠ, યુપીના રહેવાસી મહતાબ અબ્દુલ સલામ અને રોશન બુન્દુ સેફીની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી દેશી તમંચો, જીવતા કારતૂસ અને ગુનામાં વપરાયેલાં હથિયારો કબજે કરવામાં આવ્યાં છે.

પૂછપરછમાં સામે આવ્યું કે બંને આરોપીઓ 6 ઓક્ટોબરે મેરઠથી સુરત આવ્યા હતા અને રેલવે સ્ટેશન નજીકની હોટલમાં રોકાયા હતા. પોલીસે આરોપીઓની પૂછપરછ દરમિયાન સુરતમાંથી ચોરેલી એક એક્ટિવા અને એક બાઈક પણ રિકવર કરી છે.

### આણંદમાં આરોગ્ય સેવાઓની ક્રાંતિ

# 350 બેડની અત્યાધુનિક સિવિલ હોસ્પિટલના નિર્માણની મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ કરી સમીક્ષા!

આણંદ

ગુજરાતમાં નાગરિકોને વિશ્વ કક્ષાની આરોગ્ય સેવાઓ ઘરઆંગણે પૂરી પાડવાના રાજ્ય સરકારના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે આણંદ ખાતે આકાર લઈ રહેલી અત્યાધુનિક ૩૫૦ બેડની સિવિલ હોસ્પિટલનું કામ હવે પૂરઝડપે આગળ વધી રહ્યું છે. આજે રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા દ્વારા આણંદમાં નિર્માણ પામી રહેલી આ ભવ્ય સિવિલ હોસ્પિટલની સાઈટની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવી હતી અને ચાલી રહેલી બાંધકામની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. આ મહત્ત્વપૂર્ણ મુલાકાત વેળાએ આણંદના લોકલાડીલા સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સંયુક્ત ગ્રાન્ટ અને સહયોગથી નિર્માણ પામી રહેલી આ ૩૫૦ બેડની હોસ્પિટલ માત્ર એક ઈમારત નથી, પરંતુ આણંદ અને આસપાસના



ગ્રામીણ વિસ્તારોના લાખો નાગરિકો માટે આરોગ્યનું મોટું નજરાણું સાબિત થવાની છે. મંત્રીશ્રીએ હોસ્પિટલના ચાલી રહેલા બાંધકામનું નિરીક્ષણ કરવા સાથે ત્યાં ઉપસ્થિત તબીબો અને ઈજનેરો સાથે ચર્ચા કરી હતી. આ હોસ્પિટલમાં મળનારી સુવિધાઓ વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે: અત્યાધુનિક સાધનો અને ઓપરેશન થિયેટર: દર્દીઓને મોટા શહેરોમાં ધક્કા ન ખાવા પડે તે માટે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ મશીનરી અને અત્યાધુનિક ઓપરેશન થિયેટરો ઊભા કરવામાં આવી રહ્યા છે.

મધર એન્ડ ચાઈલ્ડ કેર: માતા અને બાળકના સ્વાસ્થ્ય માટે વિશેષ સ્પેશિયલ વોર્ડ અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી પ્રસૂતિ કે બાળરોગ સંબંધી સારવારમાં કોઈ અડચણ ન આવે. નિશુલ્ક અને સરળ સારવાર: સરકારનો મુખ્ય ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે આટલું મોટું ભવન અને કરોડોના ખર્ચ બાદ અંત્યોદય સુધીના નાનામાં નાના વ્યક્તિ અને ગરીબ પરિવારને ઓપરેશન તથા મોંઘી દવાઓ સહિતની શ્રેષ્ઠ સારવાર સંપૂર્ણપણે વિનામૂલ્યે અને સરળતાથી મળી રહે.

## ગોધરામાં SMCની રેડ: ₹19.37 લાખનો મુદ્દામાલ જપ્ત, ચાર આરોપી ઝડપાયા

ગોધરા

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વણાકપુર નવા ફળિયામાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની આશરે ૩૫ પેટી, ૧૦૬૦ બોટલ મળી ૩,૨૯,૦૪૬નો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત ત્રણ વાહન, ચાર મોબાઈલ, રોકડ રકમ અને અન્ય મુદ્દામાલ મળી કુલ ૧૯,૩૭,૩૬૬નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.




SMCના પોલીસ ઈન્સ્પેક્ટર પી.પી. બ્રહ્મભટ્ટની આગેવાની હેઠળ વણાકપુર નવા ફળિયામાં રોહિત વિનોદભાઈ બારીઆના રહેણાંક ઘર તથા કબજા ભોગવટાની ઓરડીમાં રેડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ઋત્વિક વિનોદભાઈ બારીઆ, ભારતભાઈ ઉર્ફે વિજય અરવિંદભાઈ બારીઆ, આશિફ બાબુભાઈ મીરઝા અને મહેન્દ્ર દુધાભાઈ વણકરની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં રોહિતભાઈ વિનોદભાઈ બારીઆ, સંતોકબેન વિનોદભાઈ બારીઆ અને દારૂનો જથ્થો મોકલનાર મળી કુલ ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. આ મામલે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ કુલ સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે.



### AI-મોર્ફ તસવીરો પર શ્રેયાને ગુસ્સો આવ્યો, કહ્યું

# 'ક્યારેક લોકો બ્રેસ્ટની સાઈઝ બદલી નાખે છે, તો ક્યારેક...' શ્રેયા સરન

મુંબઈ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ ટેકનોલોજીની દુનિયામાં ઘણા રસ્તા ખોલી દીધા છે, પરંતુ તેનો દુરુપયોગ હવે સેલિબ્રિટીઓ માટે સમસ્યા બની રહ્યો છે. ક્યારેક કોઈ અભિનેત્રીનો ફોટો મોર્ફ કરવામાં આવે છે, તો ક્યારેક કોઈ વાસ્તવિક વિડિઓને અશ્લીલ રીતે બદલીને વાયરલ કરવામાં આવે છે. તાજેતરમાં, જાહ્નવી કપૂરના ગીત 'છુટ્ટામલ્લે' ના AI-મોડિફાઈડ વિડિઓ પર ભારે હોબાળો થયો હતો. 'દ્રશ્યમ 3' ની અભિનેત્રી શ્રેયા સરને હવે આ મુદ્દા પર પોતાનું દુઃખ વ્યક્ત કર્યું છે. 'દ્રશ્યમ' અને 'RRR' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલી શ્રેયાએ કહ્યું કે AI નો ઉપયોગ કરીને તેના ફોટામાં વાંધાજનક ફેરફાર કરવામાં આવે છે. ક્યારેક તેના શરીરનો આકાર બદલવામાં આવે છે, અને ક્યારેક તેના કપડાં પણ ઉતારવામાં આવે છે. અભિનેત્રીએ આને ચિંતાજનક ગણાવ્યું અને કહ્યું કે ટેકનોલોજીનો આવો ઉપયોગ સંપૂર્ણપણે ખોટો છે.

એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં, શ્રેયા સરને AI દ્વારા બનાવેલા મોર્ફ કરેલા ફોટા વિશે વાત કરી. તેણીએ સમજાવ્યું કે ક્યારેક ફોટા એટલી હદે બદલાઈ જાય છે કે તે પોતે પણ નક્કી કરી શકતી નથી કે તેમાં રહેલી સ્ત્રી તેની છે કે નહીં. ક્યારેક શરીરના ભાગોનું કદ બદલવામાં આવે છે, અને ક્યારેક ફોટામાંથી કપડાં દૂર કરવામાં આવે છે.

શ્રેયાએ વાતચીતમાં કહ્યું કે ક્યારેક તેને આવી બાબતોને અવગણવી પડે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તે ઠીક છે. તેના મતે, તે ખલેલ પહોંચાડે છે અને તેને સામાન્ય તરીકે સ્વીકારવી જોઈએ નહીં. અભિનેત્રીએ AI ના સકારાત્મક પાસાઓનો પણ સ્વીકાર કર્યો. તેણીએ કહ્યું કે આ ટેકનોલોજી ઘણી સારી વસ્તુઓ કરી શકે છે અને લોકોને મદદ કરી શકે છે. જોકે, તેનો ઉપયોગ ખતરનાક પરિસ્થિતિઓ પણ બનાવી શકે છે. શ્રેય માને છે કે દરેક નવી ટેકનોલોજી તેના પડકારો સાથે આવે છે, અને લોકોએ સમય જતાં તેનો સામનો કરવાનું શીખવું પડશે.

શ્રેયા સરનની AI પરની ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે જાન્હવી કપૂરના ગીત 'છુટ્ટામલે' ના AI-સંશોધિત વિડીયો પર વિવાદ ફાટી નીકળ્યો હતો. હકીકતમાં, જુનિયર NTR ફિલ્મ 'દેવરા: ભાગ 1' ના આ ગીતમાં જાન્હવી સાથે દેખાયો હતો.

> **ક્યારેક ફોટા એટલી હદે બદલાઈ જાય છે કે તે પોતે પણ નક્કી કરી શકતી નથી કે તેમાં રહેલી સ્ત્રી તેની છે કે નહીં.**

# 'ધૂરંધર' ની સરખામણીમાં આયુષ્માન ખુરાનાની 'ઉડતા તીર' નું બીજું ટ્રેલર રિલીઝ

મુંબઈ

આયુષ્માન ખુરાના અને સારા અલી ખાનની 'ઉડતા તીર' આ મહિને 23 ઓક્ટોબરે રિલીઝ થવાની છે. નિર્માતાઓએ તાજેતરમાં તેની રિલીઝ તારીખ બદલી છે. હવે, મુલતવી રાખીને, નિર્માતાઓએ એક નવો રસ્તો અપનાવ્યો છે. ચાહકોની રાહ વધારવા માટે, તેઓએ 13 ઓક્ટોબરે બીજું ટ્રેલર રિલીઝ કર્યું. આયુષ્માન ખુરાનાનો દાવો છે કે આ પહેલી જાસૂસી કોમેડી ફિલ્મ છે. ચાલો 'ઉડતા તીર' ના બીજા ટ્રેલર અને ચાહકોની પ્રતિક્રિયાઓ પર એક નજર કરીએ.

'ઉડતા તીર' ના કલાકારોની વાત કરીએ તો, સહાયક ભૂમિકાઓમાં રઘુબીર યાદવ, મુકુલ દેવ, ગુલશન ગ્રોવર, રામ કપૂર, બ્રિજેન્દ્ર કાલા, રાહુલ બોઝ અને સુપ્રિયા પિલગાંવકરનો સમાવેશ થાય છે. તેનું દિગ્દર્શન આકાશ કૌશિક દ્વારા કરવામાં આવ્યું છે, જે ઘણા વર્ષોથી બોલિવૂડ ફિલ્મો લખી રહ્યા છે. હવે, તે આયુષ્માન ખુરાનાની ફિલ્મ સાથે દિગ્દર્શક તરીકે ડેબ્યૂ કરી રહ્યો છે.

ટ્રેલરમાં શું ખાસ છે?

ટ્રેલર પાકિસ્તાનથી શરૂ થાય છે, જ્યાં ગુલશન ગ્રોવર કહે છે કે પાકિસ્તાન કોઈની આગળ ઝૂકતું નથી. પછી તેને ચીનથી ફોન આવે છે, જેનાથી તે તરત જ ઝૂકી જાય છે. ટ્રેલર આ આઘાતજનક અપમાનથી શરૂ થાય છે અને બિલાલ અહેમદ (આયુષ્માન ખુરાના) ની આસપાસ ફરે છે, જે એક પાકિસ્તાની જાસૂસ છે જે ભારતમાં પહોંચ્યા પછી પોતાની યાદશક્તિ ગુમાવે છે. આયુષ્માન ખુરાનાની ફિલ્મ ઉડતા તીરને અત્યાર સુધીમાં જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. બીજું ટ્રેલર જોયા પછી, યુટ્યુબ યુઝર્સે તેના વખાણ કર્યા. એકે લખ્યું, 'આયુષ્માન ખુરાનાની પસંદગીઓ પ્રશંસાને પાત્ર છે.'



### ન તો અમિતાભ બચ્ચન કે ન તો શાહરૂખ ખાન...

# દુનિયામાં એકમાત્ર વ્યક્તિ જેને ઐશ્વર્યા ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરે છે

મુંબઈ

પ્રખ્યાત અભિનેત્રી ઐશ્વર્યા રાય છેલ્લા ત્રણ દાયકાથી ફિલ્મ ઉદ્યોગનો ભાગ છે. તેણીએ 1997 માં તમિલ ફિલ્મ 'ઈરુવર' થી શરૂઆત કરી હતી. તે જ વર્ષે, તેણીએ રાહુલ રવૈલ દ્વારા દિગ્દર્શિત 'ઔર પ્યાર હો ગયા' માં બોબી દેઓલ સાથે બોલિવૂડમાં પ્રવેશ કર્યો. તે પછી, ઐશ્વર્યાએ ઘણી મોટી ફિલ્મોનો ભાગ રહીને નોંધપાત્ર ખ્યાતિ મેળવી છે. તેણીને ખૂબ જ લોકપ્રિયતા અને સોશિયલ મીડિયા પર નોંધપાત્ર ફેન ફોલોઈંગ છે. ઐશ્વર્યા રાયના ઈન્સ્ટાગ્રામ પર 14.8 મિલિયન ફોલોઅર્સ છે, પરંતુ તે ફક્ત એક જ વ્યક્તિને ફોલો કરે છે. તે જેને ફોલો કરે છે તે બોલિવૂડ મેગાસ્ટાર અને તેના સસરા અમિતાભ બચ્ચન કે બોલિવૂડના રાજા શાહરૂખ ખાન નથી. તો, ઐશ્વર્યા કોને ફોલો કરે છે?

ઐશ્વર્યા રાય બચ્ચન ઈન્સ્ટાગ્રામ પર એકમાત્ર વ્યક્તિને ફોલો કરે છે તે બીજું કોઈ નહીં પણ તેના પતિ અને બોલિવૂડ સ્ટાર અભિષેક બચ્ચન છે. હા, તે ફક્ત જુનિયર બચ્ચનને ફોલો કરે છે. બંનેએ 2007 માં લગ્ન કર્યા હતા. તેઓ એક પુત્રી, આરાધ્યા બચ્ચનના માતાપિતા પણ છે.

અભિષેક બચ્ચનનો પણ મોટો ચાહક વર્ગ છે. ઈન્સ્ટાગ્રામ પર તેમને 12.1 મિલિયન લોકો ફોલો કરે છે. અભિષેક પોતે 329 લોકોને ફોલો કરે છે. તેમની ફોલોઈંગ યાદીમાં તેમના પિતા અમિતાભ બચ્ચન, પત્ની ઐશ્વર્યા રાય, શાહરૂખ ખાન, આલિયા ભટ્ટ અને બીજા ઘણા બોલિવૂડ સ્ટાર્સનો સમાવેશ થાય છે.

ઐશ્વર્યા રાય બચ્ચને ૧૧ ઓક્ટોબરના રોજ તેમના ૮૪મા જન્મદિવસની શુભેચ્છા પાઠવતી પોસ્ટ શેર કરી હતી. ઐશ્વર્યાએ પોતાના વતી અને પોતાની પુત્રી વતી બિગ બીને અભિનંદન આપ્યા હતા. આરાધ્યા અને બિગ બીનો એક સાથેનો ફોટો શેર કરતા ઐશ્વર્યાએ લખ્યું, 'જન્મદિવસની શુભકામનાઓ પ્રિય પપ્પા-દાદા. તમને ખૂબ ખૂબ પ્રેમ. ભગવાન તમને હંમેશા આશીર્વાદ આપે.'





# માતાજીના ભક્તિમય નૃત્યમાં ખોવાઈ ગઈ તમન્ના ભાટિયા

## દેવી માતાની આરાધનામાં ડૂબેલી તમન્ના ભાટિયા અને મૃણાલ ઠાકુર કલાકો સુધી નોન-સ્ટોપ નાચ્યા

મુંબઈ

બોલીવુડ અભિનેત્રી તમન્ના ભાટિયા હાલમાં તેના કારકિર્દીના શ્રેષ્ઠ તબક્કામાં છે. તેની તાજેતરની ફિલ્મ, 'ધ ફોરેસ્ટ: ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ', બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ. આ ફિલ્મમાં વન દેવી વિશેની વાર્તા દર્શાવવામાં આવી હતી, જે લોકોમાં ગૂંજતી હતી.

હવે જ્યારે દેશભરમાં નવરાત્રીનો પવિત્ર તહેવાર શરૂ થઈ ગયો છે, ત્યારે તેણે તેના આશીર્વાદ મેળવવા માટે તેના ઘરે માતા કી ચોકીનું આયોજન કર્યું હતું. ગઈકાલે, અભિનેત્રીએ નવરાત્રીના પહેલા દિવસની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરી હતી.

તમન્ના ભાટિયા દર વર્ષે નવરાત્રી દરમિયાન તેના ઘરે માતા કી ચોકીનું આયોજન કરે છે. આ વર્ષે, તેણીએ ફરીથી તેનું આયોજન કર્યું હતું, અને આ વખતે પણ, તે માતા દેવી પ્રત્યેની તેની ભક્તિમાં સંપૂર્ણપણે ડૂબી ગઈ હતી.

તમન્ના તેના મિત્રો અને પરિવાર સાથે માતાના ભજન ગાતી અને નાચતી જોવા મળી હતી.

# લંડન ફેશન વીકમાં ગુજરાતની માલધારી સમાજની દીકરી સોનલ દેસાઈના પરંપરાગત રબારી ભરતકામના વસ્ત્રોનો ફેશન શો યોજાયો

અમદાવાદ

ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ અને માલધારી સમાજની પરંપરાગત હસ્તકળા માટે એક ઐતિહાસિક ક્ષણ તાજેતરમાં લંડન ફેશન વીકમાં સર્જાઈ હતી. રાંધેજા ગાંધીનગરના માલધારી સમાજની દીકરી અને FLAPPER6 બ્રાન્ડના ફાઉન્ડર સોનલ દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલા પરંપરાગત રબારી ભરતકામ, હાથ ભરતકામ, જેકો મોતી ભરતકામથી તૈયાર કરવામાં આવેલા 25 જેટલાં વિવિધ અલગ-અલગ ડિઝાઈનર વસ્ત્રોના વિશેષ કલેક્શન - સમર 2027 'BECOMING"નો ફેશન શો 20 સપ્ટેમ્બર 2026 ના રોજ સેન્ટ્રલ લંડનમાં આવેલા ફેશન સ્કાઉટ પ્રોટીન સ્ટુડિઓ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય લંડન ફેશન વીકમાં યોજાયો હતો.

તા 17 થી 21 સપ્ટેમ્બર 2026 દરમિયાન લંડન ફેશન વીકમાં યોજાયેલા ફેશન શોમાં સમગ્ર વિશ્વના ફેશન ડિઝાઈનરોએ ભાગ લીધો હતો. જેમાં FLAPPER6 ના ફાઉન્ડર સોનલ દેસાઈએ ભારતીય કારીગરી અને આધુનિક લક્ઝરી ફેશનનું સંયોજન રજૂ કર્યું હતું. તેમના કલેકશનમાં રબારી ભરતકામ, જૅકો મોતી વર્ક, હેન્ડ પેઈન્ટિંગ, વૂલ, લેધર અને ડિજિટલ પ્રિન્ટ જેવી ટેકનિકનો સમાવેશ થયો હતો. વૈશ્વિક ડિઝાઈનરો અને ફેશનપ્રેમીઓની હાજરી વચ્ચે આ ફેશન શોમાં માલધારી સમુદાયના સાંસ્કૃતિક વારસા, આકર્ષક કલર કોમ્બિનેશન અને પરંપરાગત હાથ-ભરતકામની અનોખી ભાત ધરાવતા વસ્ત્રોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.



FLAPPERG ના ફાઉન્ડર સોનલ દેસાઈએ તેમના લંડન ફેશન વીકના અનુભવો અંગે જણાવ્યું હતું કે, 'સમગ્ર વિશ્વમાં યોજાતા પાંચ નામાકિંત ફેશન શો પૈકીના એક એવા લંડન ફેશન વીકમાં અમારા માલધારી સમાજના ભરતકામ કળાને રજૂ કરીને વૈશ્વિક પ્રતિસાદ મેળવવો એ મારા માટે તેમજ અમારા આખા સમાજ અને દેશ માટે અત્યંત ગર્વની વાત છે. અમને મળેલી આંતરરાષ્ટ્રીય સિધ્ધિ હું મારા સમાજને અર્પણ કરું છું. રબારી ભરતકામ માત્ર કપડાં પરનું કામ નથી, પણ આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને ઓળખ છે.'

સોનલ દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, 'આ ફેશન શોમાં અમારા 25 જેટલાં કલેકશનમાં રબારી ભરતકામ, જેકો મોતી વર્ક, હેન્ડ પેઈન્ટીંગ, વુલ, લેધર અને ડિઝિટલ પ્રિન્ટ જેવી ટેકનિકથી તૈયાર કરવામાં આવેલા વસ્ત્રોનો ફેશન શો યોજાયો હતો. જેમાં રબારી ભરતકામની ભાતીગળ પરંપરાને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવાનું મારું નાનપણનું સ્વપ્ન આજે લંડન ફેશન વીકમાં અમારી FLAPPER6 બ્રાન્ડની હાજરીના કારણે સાકાર થયું છે. આ સ્વપ્નપૂર્તિ માટે અમારી સાથે સંકળાયેલી 80 થી વધુ મહિલાઓનો મહત્વપૂર્ણ ભાગ છે. તેમની મહેનતના કારણે અમારા સમાજની ઓળખ વૈશ્વિક સ્તરે પહોંચી છે.'

FLAPPERG ના કો-ફાઉન્ડર શૈલેષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, લંડન ફેશન વીકમાં જુદા-જુદા મોડેલોએ પહેરેલા 25 જેટલાં વિવિધ અલગ-અલગ ડિઝાઈનર વસ્ત્રો મેક ઈન ઈન્ડિયાની થીમ આધારિત તૈયાર કરવામાં આવેલા હતાં.આ ફેશન શોમાં અમારો પ્રયાસ ભારતીય હસ્તકલાની સમૃદ્ધ પરંપરાને સમકાલીન ડિઝાઈન સાથે જોડીને આંતરરાષ્ટ્રીય ફેશન જગતમાં નવી ઓળખ સ્થાપિત કરવાનો હતો. જેમાં ઉચ્ચકક્ષાના ગુણવત્તાના આંતરરાષ્ટ્રીય ધોરણોનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું, જેના કારણે અમારી બ્રાન્ડ વૈશ્વિક મિડિયામાં પ્રશંસાપાત્ર અને પ્રસિધ્ધિપાત્ર બની હતી.

### આગામી રેડ-બોલ મેચો માટેની ભારતની તૈયારીઓને મોટો ફટકો પડ્યો

# રિષભ પંત ન્યૂઝીલેન્ડમાં ઇન્ડિયા A ની પહેલી બે મેચમાંથી બહાર



નવી દિલ્હી

આગામી રેડ-બોલ મેચો માટેની ભારતની તૈયારીઓને મોટો ફટકો પડ્યો છે, કારણ કે સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંતને ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર ઈન્ડિયા A ટીમની શરૂઆતની બે મલ્ટી-ડે મેચોમાંથી સત્તાવાર રીતે બહાર કરવામાં આવ્યો છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ સોમવારે પુષ્ટિ આપી છે કે યુવા વિકેટકીપર-બેટ્સમેન કુમાર કુશાગ્રને પહેલી બે મેચ માટે ઈન્ડિયા A ટીમમાં પંતનું સ્થાન આપવામાં આવશે.

29 વર્ષીય પંતને મેડિકલ ક્લિયરન્સને આધીન A ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. આ મહિનાની શરૂઆતમાં ઈરાની કપમાં જમ્મુ અને કાશ્મીર સામે રેસ્ટ ઓફ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરતી વખતે તેને ડાબા બાજુમાં ખેંચાણનો સામનો કરવો પડ્યો હતો. હવે તે ન્યૂઝીલેન્ડમાં ભારતની સિનિયર ટેસ્ટ શ્રેણી પહેલા મહત્વપૂર્ણ રેડ-બોલ તૈયારીઓ ગુમાવશે. બીસીસીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'રિષભ પંત, જેની ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર ભારત એ માટે ભાગીદારી ફિટનેસ પર આધારિત હતી, તેને પ્રથમ બે મેચમાંથી બહાર કરવામાં આવ્યો છે. વિકેટકીપર-બેટ્સમેનને ઈરાની કપમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાની કેપ્ટનશીપ દરમિયાન ડાબા હેમસ્ટ્રિંગમાં ખેંચાણનો સામનો કરવો પડ્યો હતો.

બીસીસીઆઈ મેડિકલ ટીમની દેખરેખ હેઠળ છે અને તે સ્વસ્થ થઈ રહ્યો છે. ત્રીજી મેચમાં તેની ભાગીદારી અંગેનો નિર્ણય પછીથી લેવામાં આવશે.'

પુરુષોની પસંદગી સમિતિએ પ્રથમ બે મેચ માટે પંતની જગ્યાએ ઝારખંડના યુવાન વિકેટકીપર-બેટ્સમેન કુમાર કુશાગ્રને ટીમમાં સ્થાન આપ્યું છે.

## કુશાગ્રનો ટીમમાં સમાવેશ

નવી દિલ્હી

પ્રવાસના શરૂઆતના ભાગ માટે પંત બહાર હોવાથી, પુરુષોની પસંદગી સમિતિએ ઝારખંડના વિકેટકીપર કુમાર કુશાગ્રને વિકેટકીપિંગ વિભાગમાં ધ્રુવ જુરેલ સાથે જોડાવા માટે બોલાવ્યા છે.ભારત A ટીમ 24 ઓક્ટોબરથી 10 નવેમ્બર દરમિયાન ન્યુઝીલેન્ડ A ટીમ સામે ત્રણ મલ્ટી-ડે મેચ રમશે. આ મેચો લિંકન અને ક્રાઈસ્ટચર્ચમાં રમાશે.

આ 'શેડો ટૂર'નો હેતુ મુખ્ય રેડ-બોલ ખેલાડીઓને જરૂરી મેચ સમય પૂરો પાડવાનો અને સિનિયર ટેસ્ટ શ્રેણી પહેલા ન્યુઝીલેન્ડની સીમ-ફ્રેન્ડલી પરિસ્થિતિઓમાં તેમને ટેવાવાનો હતો.

ટીમ મેનેજમેન્ટની પ્રાથમિક ચિંતા એ છે કે શું પંત સિનિયર રાષ્ટ્રીય ટીમના ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે તૈયાર થશે (જેમાં બે ટેસ્ટ મેચનો સમાવેશ થશે અને 19 નવેમ્બરથી શરૂ થશે). પંત ભારતના ટેસ્ટ મિડલ ઓર્ડરમાં મુખ્ય ખેલાડી છે. જ્યારે મેડિકલ ટીમે તેને ત્રીજી 'A' મેચ અથવા ત્યારબાદની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર કરવાનો ઈનકાર કર્યો નથી, ત્યારે ટીમના ડોકટરો આંતરરાષ્ટ્રીય મેચ શરૂ થાય તે પહેલાં તેની કોર સ્નાયુની ઈજા વધુ ખરાબ ન થાય તેની ખાતરી કરવા માટે સાવચેતી રાખી રહ્યા છે.

યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, દેવદત્ત પડીક્કલ, રવિચંદ્રન અશ્વિન, ધ્રુવ જુરેલ (કેપ્ટન/વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, આકિબ નબી, આકાશ દીપ, અંશુલ કંબોજ, માનવ સુથાર, મુકેશ ચૌધરી, સાઈ સુદર્શન, યશ રાઠોડ, કુમારકેશ (1) અને કુમારેશ (1) 2જી મેચ).

### શેફાલી વર્મા પણ જીત્યો

## ભારતની ટેસ્ટ અને વનડે કેપ્ટન ગિલ પ્લેયર ઓફ ધ મન્થ બન્યો

નવી દિલ્હી

ભારતની ટેસ્ટ અને વનડે કેપ્ટન શુભમન ગિલને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર માટે પ્લેયર ઓફ ધ મન્થ જાહેર કરવામાં આવી હતી. ભારતની મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર બેટ્સમેન શેફાલી વર્માને પણ આ ખિતાબથી સન્માનિત કરવામાં આવી હતી. આ બીજી વખત છે જ્યારે શેફાલીએ આ એવોર્ડ જીત્યો છે. તેણીને ગયા વર્ષે નવેમ્બરમાં પ્લેયર ઓફ ધ મન્થ તરીકે નામ આપવામાં આવ્યું હતું, જ્યાં તેણીએ ઘરઆંગણે પ્રથમ ODI વર્લ્ડ કપમાં ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

શુભમન ગિલે વેસ્ટ ઈન્ડીઝ સામે ODI શ્રેણીની પ્રથમ બે



મેચમાં શાનદાર બેટિંગ દર્શાવી હતી. બંને મેચ સપ્ટેમ્બરમાં રમાઈ હતી, જેમાં ગિલે કુલ 333 રન બનાવ્યા હતા. તેણે પહેલી મેચમાં સદી અને બીજી ODIમાં બેવડી સદી ફટકારી હતી. ભારતે બંને મેચ જીતી હતી.

તિરુવનંતપુરમમાં રમાયેલી પહેલી ODIમાં ગિલે 108 બોલમાં 110 રન બનાવ્યા હતા.

આ સદી 295 રનનો પીછો કરતી વખતે આવી હતી. ભારતે માત્ર 41.4 ઓવરમાં જીત મેળવી હતી. ત્યારબાદ, ગુવાહાટીમાં રમાયેલી બીજી વનડેમાં, વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરીને 405 રન બનાવ્યા. પીછો કરતા, ટીમ ઈન્ડિયાએ 43.3 ઓવરમાં જીત મેળવી. ગિલનો આમાં સૌથી મોટો ફાળો હતો.

## બે પરિબળો રોહિત અને વિરાટનું ભવિષ્ય નક્કી કરશે

### BCCI એ વર્લ્ડ કપ રમવા માટે નવી શરતો નક્કી કરી

નવી દિલ્હી

2027 ODI વર્લ્ડ કપ હજુ એક વર્ષ દૂર હોઈ શકે છે, પરંતુ ભારતીય ટીમમાં કોણ હશે તે અંગે ચર્ચાઓ પહેલાથી જ શરૂ થઈ ગઈ છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી રમશે કે નહીં. બંને અનુભવી ખેલાડીઓ હજુ પણ ગયા વર્લ્ડ કપ ફાઈનલમાં મળેલી હારનું દુઃખ સહન કરે છે. બંને સ્ટાર્સ આફ્રિકન ખંડમાં જવા માંગે છે, જેને 24 વર્ષ પછી વર્લ્ડ કપ આપવામાં આવ્યો છે, પરંતુ એવું લાગે છે કે BCCI એ તેના બે 'જૂના રક્ષકો' માટે એક ખાસ યોજના બનાવી છે.

**બે પરિબળો રો-કોનું ભવિષ્ય નક્કી કરશે!**



સ્પોર્ટ્સસ્ટાર સાથેના એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં, BCCI પ્રમુખ મિથુન મનહાસે જણાવ્યું હતું કે ભારતીય ટીમમાં સ્થાન મેળવવા માટે ખેલાડીની લાયકાત ઉંમર કરતાં ફિટનેસ અને પ્રદર્શન દ્વારા નક્કી થવી જોઈએ. જો કે, તેમણે એમ પણ કહ્યું કે પસંદગીના મુદ્દાઓ તેમના અધિકારક્ષેત્રની બહાર છે અને પસંદગીકારોની જવાબદારી છે. મિથુન મનહાસે કહ્યું:

જ્યાં સુધી BCCIનો સંબંધ છે, અમે આ પર કોઈ ટિપ્પણી કરી શકતા નથી કારણ કે તે પસંદગીકારો અને કોચ પર નિર્ભર છે. પરંતુ મારા મતે, પસંદગીનો આધાર ઉંમર નહીં, પણ ફિટનેસ અને પ્રદર્શન હોવો જોઈએ. જો કોઈ ખેલાડી રમવા માટે ફિટ છે અને દેશ માટે સારું રમી રહ્યો છે અને મેચ જીતી રહ્યો છે, તો આપણે ફક્ત તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

જો રોહિત શર્માને 2027ના વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવે છે, તો તે 40 વર્ષની ઉંમરે ભારત માટે વર્લ્ડ કપ રમનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બનશે, જ્યારે વિરાટ કોહલી 38 વર્ષનો હશે. દરમિયાન, યશસ્વી જયસ્વાલ જેવા યુવા ખેલાડીઓ પણ પોતાનો વારો રાહ જોઈ રહ્યા છે. બોલ સંપૂર્ણપણે BCCIના કોર્ટમાં છે. ભારતીય પસંદગી સમિતિએ સિનિયર અને જુનિયર ખેલાડીઓને સંતુલિત કરવા માટે એક ચોક્કસ યોજના વિકસાવી છે.

શુભમન ગિલને ગયા વર્ષે ઓક્ટોબરમાં 2027ના ODI વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ભારતના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. મનહાસ માને છે કે 27 વર્ષીય નવા કેપ્ટનને અનુભવી ખેલાડીઓના સમર્થનનો ફાયદો થશે.



### ડિલિવરી નિયમો કડક બનશે

# 10 મિનિટની બ્લિંકિટ, સ્વિગી અને એમેઝોન મુશ્કેલીમાં મુકાયા

મુંબઈ

ગ્રાહકો માટે ઓનલાઈન કરિયાણાની ખરીદીનું ભવિષ્ય બદલાઈ શકે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) ફાસ્ટ-ટ્રેક કોમર્સ કંપનીઓ માટે નિયમોને વધુ કડક બનાવવાની તૈયારી કરી રહી છે.

આ પગલાથી બ્લિંકિટ, સ્વિગી eSmart અને એમેઝોન જેવા પ્લેટફોર્મ પ્રભાવિત થઈ શકે છે. નિયમનકારનો ઉદ્દેશ્ય ઓનલાઈન વેચાતા ખાદ્ય ઉત્પાદનોની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવાનો છે, જેથી ગ્રાહકો ખરીદી કરતી વખતે જરૂરી માહિતી મેળવી શકે.




ઓનલાઈન ઉત્પાદનો પર સંપૂર્ણ માહિતીની જરૂર પડી શકે છે.

FSSAI ની યોજના અનુસાર, ઓનલાઈન પ્લેટફોર્મ પર ફૂડ લિસ્ટિંગમાં ઉત્પાદન તારીખ, સમાપ્તિ તારીખ અને બેચ નંબર જેવી માહિતી દર્શાવવી ફરજિયાત હોઈ શકે છે. આનાથી ગ્રાહકો ઓર્ડર આપતા પહેલા તેઓ જે ઉત્પાદન ખરીદી રહ્યા છે અને તેની શેલ્ફ લાઈફ સમજી શકશે.

હાલમાં, ઘણા ગ્રાહકો ઓનલાઈન ખરીદી કરતી વખતે પ્રોડક્ટ શેલ્ફ લાઈફ સંબંધિત માહિતી સરળતાથી મેળવી શકતા નથી. આ સંદર્ભમાં, પ્રસ્તાવિત ફેરફારો ખાદ્ય ખરીદીમાં પારદર્શિતા વધારી શકે છે. નિયમનકાર એ પણ ઈચ્છે છે કે કંપનીઓ તેમના પ્લેટફોર્મ પર ગેરમાર્ગે દોરતા ઉત્પાદન દાવાઓ માટે જવાબદાર હોય.

ડાર્ક સ્ટોર્સ અને ક્લાઉડ કિચનની પણ તપાસ કરવામાં આવશે. ફૂડ સેફ્ટી એજન્સીનું મોનિટરિંગ ફક્ત મોબાઈલ એપ્સ પર પ્રદર્શિત માહિતી સુધી મર્યાદિત રહેશે નહીં. ફાસ્ટ-કોમર્સ કંપનીઓના ડાર્ક સ્ટોર્સ અને ક્લાઉડ કિચન પણ તપાસ હેઠળ છે.

### તહેવારોની મોસમને કારણે લેવામાં આવેલ એક મોટો નિર્ણય

# MDR 15 ઓક્ટોબર નહીં, પણ દિવાળી પછી લાગુ કરાશે

### આ નિર્ણય લાખો નાના અને મોટા વેપારીઓને નોંધપાત્ર રાહત આપે છે જેઓ ડિજિટલ પેમેન્ટ પર ચાર્જ લાદવાની સંભવિત ચિંતામાં હતા.

નવી દિલ્હી

UPI પેમેન્ટનો ઉપયોગ કરતા વેપારીઓ માટે એક મોટા અને આશ્વાસન આપનારા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. NPCI નોટિફિકેશનમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે UPI ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાની અંતિમ તારીખ 15 ઓક્ટોબરથી દિવાળી પછી લંબાવવામાં આવી છે. આ નિર્ણય લાખો નાના અને મોટા વેપારીઓને નોંધપાત્ર રાહત આપે છે જેઓ ડિજિટલ પેમેન્ટ પર ચાર્જ લાદવાની સંભવિત ચિંતામાં હતા.

કેટલાક સમયથી, બજારમાં સતત અટકળો ચાલી રહી છે કે MDR અમલીકરણની તારીખ લંબાવી શકાય છે. હવે, પુષ્ટિ મળી છે કે આ દરખાસ્તને સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી છે. સમયમર્યાદા લંબાવવાનો અર્થ એ છે કે વેપારીઓએ દિવાળી સુધી UPI ટ્રાન્ઝેક્શન પર કોઈ વધારાના MDR ચાર્જ ચૂકવવા પડશે નહીં, જે ફક્ત તેમના નફાનું રક્ષણ કરશે




નહીં પરંતુ દેશમાં ડિજિટલ પેમેન્ટના વિકાસને પણ વેગ આપશે.

તાજેતરમાં, સરકારે UPI ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) વસૂલવાની મંજૂરી આપી હતી. આ નિયમ હેઠળ, 2,000 થી વધુના ડિજિટલ વ્યવહારો માટે 0.4% ફી (MDR) નક્કી કરવામાં આવી હતી. આ ફી વેપારીઓ પર લાદવામાં આવી હોવાનું કહેવાય છે, જેનાથી પેમેન્ટ ગેટવે અને Paytm અને MobiKwik જેવી કંપનીઓને નોંધપાત્ર આવક લાભ મળવાની અપેક્ષા છે. ગયા મહિને જ્યારે આ નિર્ણય જાહેર કરવામાં આવ્યો ત્યારે આ ફિનટેક કંપનીઓના શેરમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો.

એ નોંધવું જોઈએ કે વેપારીઓ અને વ્યવસાયોએ આ સિસ્ટમ લાગુ કરવા માટે વધુ સમય માંગ્યો છે. આ જ કારણ છે કે સરકાર અને સંબંધિત એજન્સીઓએ 15 ઓક્ટોબરને બદલે દિવાળી પછી તેના અમલીકરણને મંજૂરી આપી છે. આનાથી તહેવારોની મોસમ દરમિયાન વેપારીઓને નોંધપાત્ર ફાયદો થશે.

સરળ શબ્દોમાં કહીએ તો, MDR એ ડિજિટલ પેમેન્ટ સ્વીકારવા માટે વેપારીઓ પાસેથી વસૂલવામાં આવતી ફીનો ઉલ્લેખ કરે છે. મહત્વનું છે કે, આ ચાર્જને દરેક UPI પેમેન્ટ માટે ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતી ફી સાથે ભેળસેળ ન કરવી જોઈએ.

### સમાન વ્યવહારના મુદ્દા પર બજારમાં ઘણી ચર્ચા

## શું શેર પર LTCG અને STT નાબૂદ થશે? નાણામંત્રીએ મોટો સંકેત આપ્યો

નવી દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે સરકાર બજેટ વાટાઘાટો દરમિયાન લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) કરને દૂર કરવા અંગે લોકોના અભિપ્રાય સાંભળવા આતુર છે. આનું કારણ એ છે કે ભારત અને વિદેશમાં રોકાણકારો ઈક્વિટી પરના કર અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે.

મંગળવારે નવી દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં બોલતા, સીતારમણે કહ્યું કે ચર્ચામાં સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT) અને શું વિવિધ સંપત્તિ વર્ગો સાથે સમાન વ્યવહાર કરવો જોઈએ તે અંગે પણ ચર્ચા શામેલ છે.

સીતારમણે કહ્યું, 'ભારતીય અને વિદેશી



બંને રોકાણકારો LTCG પર પોતાના મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે.' 'STT અને તમામ સંપત્તિ વર્ગો સાથે સમાન વ્યવહારના મુદ્દા પર બજારમાં ઘણી ચર્ચા ચાલી રહી છે. આવી ચર્ચા થઈ રહી છે તે સારી વાત છે.'

સીતારમણે એમ પણ કહ્યું કે ખાનગી મૂડી નવીનીકરણીય ઊર્જા અને ચિપ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં વહેતી થઈ રહી છે. તેણીએ કહ્યું, 'માત્ર AI જ નહીં, પરંતુ સેમિકન્ડક્ટર, સેમિકન્ડક્ટર ચિપ્સ અને તેમની ડિઝાઈન અને પેકેજિંગ પણ. ભારત એવા ક્ષેત્રોમાં આગળ વધી રહ્યું છે જે AI ને શક્ય બનાવશે.'

સીતારમણે કહ્યું કે ભારતે ડેટા સેન્ટર્સ, સેમિકન્ડક્ટર, ટ્રાન્સમિશન લાઈન્સ, નવીનીકરણીય ઉર્જા, ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયામાં પણ રોકાણ આકર્ષ્યું છે. તેણીએ કહ્યું કે સરકારે સભાનપણે અદ્યતન, ઓછી-નેનોમીટર ચિપ્સ અને ઓછી અદ્યતન ચિપ્સ બંનેનું ઉત્પાદન કરવાનું નક્કી કર્યું છે.

## IMF એ ભારતનો GDP વૃદ્ધિ દર 7% રહેવાની આગાહી કરી

નવી દિલ્હી

વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર મજબૂત વૃદ્ધિ નોંધાવી શકે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ 2026 અને 2027 બંનેમાં ભારતનો GDP વૃદ્ધિ દર 7% રહેવાનો અંદાજ લગાવ્યો છે. તેની તુલનામાં, વૈશ્વિક અર્થતંત્ર 2026 માં 3.1% અને 2027 માં 3.4% ના દરે વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે. જોકે, વધતી જતી ઊર્જા અને ખાદ્ય કિંમતો, સરકારી દેવા અને નાણાકીય જોખમો વૈશ્વિક અર્થતંત્ર સામે મુખ્ય પડકારો છે. IMF એ AI માં વધતા રોકાણને વૈશ્વિક વિકાસ માટે સંભવિત સહાયક તરીકે જુએ છે. કમ્પ્યુટિંગ હાર્ડવેર, ડેટા સેન્ટર્સ અને AI ટેકનોલોજી પર વધારાનો ખર્ચ આર્થિક પ્રવૃત્તિને વેગ આપી રહ્યો છે. લાંબા ગાળે, આ ટેકનોલોજી ઉત્પાદકતા વધારવા, કાર્યકારી ખર્ચ ઘટાડવા અને વ્યવસાયિક કાર્યક્ષમતામાં સુધારો કરવામાં મદદ કરી શકે છે. અગાઉ, મૂડીઝ રેટિંગ્સ, ત્યારબાદ S&P ગ્લોબલ રેટિંગ્સ અને વિશ્વ બેંકે પણ ભારતીય અર્થતંત્ર માટે તેમની આગાહીઓ વધારી છે. વિશ્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.1% રહેવાનો અંદાજ લગાવ્યો છે. અગાઉ, તેણે ભારતનો આર્થિક વિકાસ દર 6.6% રહેવાનો અંદાજ લગાવ્યો હતો. ગયા મહિને, મૂડીઝે પણ તેના GDP વૃદ્ધિ દરનો અંદાજ 1 ટકા વધારીને 7 ટકા કર્યો હતો, જ્યારે S&P એ તેનો અંદાજ 0.4 ટકા વધાર્યો હતો. ફિચે ગયા મહિને પણ ભારતના વિકાસ દરનો અંદાજ 6.4 થી વધારીને 6.9% કર્યો હતો. IMF અનુસાર, સતત આર્થિક આંચકા છતાં વૈશ્વિક અર્થતંત્ર અત્યાર સુધી મજબૂત રીતે વિકાસ પામ્યું છે, પરંતુ આ મજબૂતાઈ પહેલા કરતા વધુ નાજુક અને અસમાન બની રહી છે.

### નવરાત્રીના પાવન અવસરે સોલા પોલીસ સ્ટેશનની

# 'SHE' ટીમ દ્વારા ગરબા પાર્ટી પ્લોટ્સમાં સઘન ચેકિંગ અને વિશેષ પેટ્રોલિંગ!!

## ખેલૈયાઓ કોઈ પણ ડર વગર નિરભય બનીને માણી શકે ગરબાની મોજ: મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે અમદાવાદ પોલીસનો લોખંડી પહેરો!



અમદાવાદ

ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ સમાન નવરાત્રીના મહાપર્વનો ઉત્સાહ હાલ આખા રાજ્યમાં ચરમસીમાએ પહોંચ્યો છે. રંગેચંગે જામતી નોરતાની રાતોમાં ખેલૈયાઓ મન મૂકીને ઝૂમી શકે અને ગરબાની રમઝટ માણી શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવતી અમદાવાદ પોલીસ રાત-દિવસ એક કરીને ખડેપહેરે છે. ખાસ કરીને મહિલાઓની સુરક્ષા અને ઉત્સવના માહોલમાં કોઈ અનીચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર પૂરતી સજ્જ છે.

આ જ કડીમાં અમદાવાદ શહેરના સંવેદનશીલ અને વ્યસ્ત ગણાતા સોલા પોલીસ સ્ટેશનની 'SHE' ટીમ દ્વારા વિસ્તારના તમામ નામાંકિત ગરબા પાર્ટી પ્લોટ્સ અને આયોજનોમાં સઘન ચેકિંગ અને વિશેષ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે.

નવરાત્રી દરમિયાન રાત્રે મોડે સુધી ચાલતા ગરબા આયોજનોમાં મહિલાઓની સુરક્ષા સર્વોપરી રહે તે હેતુસર સોલા પોલીસની 'SHE' ટીમ એક્શન મોડમાં આવી ગઈ છે. ટીમ દ્વારા:

પાર્ટી પ્લોટ્સની અંદર અને બહારના હિસ્સામાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

અસમાજિક તત્વો કે મંજૂરી વગર આંટાફેરા મારતા શંકાસ્પદ શખ્સો પર કડી નજર રાખવામાં આવી રહી છે.

ખેલૈયાઓ અને ખાસ કરીને યુવતીઓ તથા મહિલાઓ કોઈપણ જાતના ડર કે સંકોચ વગર નિરભય બનીને ગરબા માણી શકે તે માટે સુરક્ષાના કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે.

અમદાવાદ પોલીસ દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ઉત્સવના માહોલમા કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ જ છેડછાડ સાંખી લેવામાં આવશે નહીં. જો કોઈ વ્યક્તિ મહિલાઓની છેડતી કે અડપલાં કરવાનો પ્રયાસ કરશે, તો સોલા પોલીસ અને 'SHE' ટીમ દ્વારા તેની સામે તાત્કાલિક અને અત્યંત કડક કાનૂની પગલાં લેવામાં આવશે.

પોલીસ પ્રશાસને નાગરિકોને અપીલ કરી છે કે, 'તમામ ખેલૈયાઓ નિરભય બનીને ગરબાની મજા માણો, તમારી સુરક્ષા અને સલામતી માટે અમદાવાદ પોલીસ ૨૪ કલાક ખડેપહેરે છે!' પોલીસની આ સક્રિયતા અને સતર્કતાને કારણે વાલીઓ અને ખેલૈયાઓમાં પણ ભારે રાહત અને સુરક્ષાની ભાવના જોવા મળી રહી છે.

## ઓઢવમાં ગજાનંદ સ્ટીલના કારખાનામાં ખુલ્લી લિફ્ટ માથે પટકાતાં મહિલા શ્રમિકનું મોત



કારખાનાના માલિક અને કારીગરની સામે બેદરકારીનો ગુનો નોંધાયો

અમદાવાદ

અમદાવાદ શહેરના ઓઢવ વિજય એસ્ટેટ સ્થિત ગજાનંદ સ્ટીલ નામના કારખાનામાં માલ-સામાનની ખુલ્લી લિફ્ટ નીચે જોયા વગર ચાલુ કરી દેતાં વચ્ચેના માળે પેકિંગ વિભાગમાં કામ કરતી મહિલા શ્રમિકને ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પતિની ફરિયાદના આધારે ઓઢવ પોલીસે કારખાનાના માલિક અને કારીગર સામે બેદરકારીથી મોત નીપજાવવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓઢવ વિસ્તારમાં વિજય એસ્ટેટ સ્થિત ગજાનંદ સ્ટીલ નામના કારખાનામાં એક દુઃખદ અકસ્માત સર્જાયો હતો. આ કારખાનાના પેકિંગ વિભાગમાં છેલ્લાં ચારેક વર્ષથી 42 વર્ષીય સીમાદેવી નામના મહિલા શ્રમિક નોકરી કરતા હતા. 25 સપ્ટેમ્બરે કારખાનામાં પાણીવાળો આવતાં, ઉપરના માળે કામ કરતા કારીગર અંશુમનસિંગ રાજપુતે નીચે જોયા વગર જ પાણીના જગ લેવા માટે માલ-સામાનની ખુલ્લી લિફ્ટ અચાનક નીચે તરફ ચાલુ કરી દીધી હતી.

આ જ સમયે વચ્ચેના માળે કામ કરી રહેલા સીમાદેવી પાણીનો જગ નીચે આપવા માટે લિફ્ટના ખાંચામાં જોવા ગયા હતા. તે જ ક્ષણે ઉપરથી પૂરપાટ ઝડપે આવેલી લિફ્ટ તેમના ચહેરાના જમણા ભાગે જોરથી અથડાઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા સીમાદેવીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટના સમયે ઓઢવ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નરોડાના ચકચારી 'એટ્રોસિટી વિથ મર્ડર' કેસમાં ફરાર હાર્ડકોર ગુનેગાર આખરે ક્રાઈમ બ્રાંચની જાળમાં ફસાયો

કાયદાના હાથ લાંબા હોય છે અને ગુનેગાર ગમે તેટલી ચાલાકી વાપરે કે સીમાઓ વટાવીને ભાગી જાય, પણ કાયદાની પકડમાંથી છટકી શકતો નથી. અમદાવાદના નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા ચકચારી અને સનસનાટીભર્યા 'એટ્રોસિટી વિથ મર્ડર' (હત્યા અને એટ્રોસિટી)ના ગંભીર ગુનામાં લાંબા સમયથી ફરાર ચાલી રહેલા શાતિર આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે અત્યંત નાટ્યાત્મક રીતે ઝડપી પાડીને મોટો ધડાકો કર્યો છે. ઘટનાની વિગત મુજબ, વર્ષ ૨૦૨૩માં નરોડા પોલીસ સ્ટેશન ખાતે એટ્રોસિટી અને હત્યાની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. આ ચકચારી ગુનામાં સંડોવાયેલા આરોપી અરવિંદ વાઘેલા ને અદાલતમાંથી ૧૪ દિવસના વચગાળાના (ઈન્ટરિમ) જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. જોકે, જામીનની મુદત પૂરી થતાં જ કાયદાને ચકમો આપીને આરોપી જેલમાં હાજર થવાને બદલે અંડરગ્રાઉન્ડ થઈ ગયો હતો અને ફરાર થઈ ગયો હતો. ફરાર થયેલા આ ગંભીર ગુનાના આરોપીને પકડવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ચક્ર ગતિમાન કર્યા હતા. ટેકનિકલ સર્વેલન્સ અને ચોક્કસ બાતમીદારોના નેટવર્કનો ઉપયોગ કરીને ક્રાઈમ બ્રાંચે આરોપીના લોકેશન પર સતત નજર રાખી હતી. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી ગુજરાત છોડીને ઉત્તર પ્રદેશમાં છુપાયો છે.

### અંધશ્રદ્ધાની હદ વટાઈ: પ્રેગ્નન્સી ન રહેતા પરિણીતાને તાંત્રિક વિધિ કરી શંકાસ્પદ પાવડર પીવડાવાયો

ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરમાંથી એક અત્યંત શરમજનક, ધ્રુજારી ઉપજાવતી અને અંધશ્રદ્ધાની તમામ હદો વટાવી દેતી ઘટના સામે આવી છે. શહેરના સંવેદનશીલ ગણાતા ચાંદખેડા વિસ્તારમાં રહેતી એક પરિણીતાને લગ્ન બાદ સંતાન (પ્રેગ્નન્સી) ન થવા બાબતે તેના જ પતિ અને સાસુ દ્વારા અમાનવીય ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે પરિણીતા પર શંકાસ્પદ તાંત્રિક વિધિ કરાવીને તેને બળજબરીથી કોઈ ઘાતક પાવડર પીવડાવવાની કોશિશ કરવામાં આવી હતી. આ જઘન્ય કૃત્ય સામે અવાજ ઉઠાવતા પરિણીતાએ આખરે પોલીસના દરવાજા ખખડાવ્યા છે. પ્રાપ્ત સચોટ વિગતો મુજબ, અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી ભોગ બનનાર પરિણીતાના લગ્નજીવનની શરૂઆત થઈ ત્યારથી જ તેને પતિ અને સાસુ દ્વારા નાની-નાની બાબતોમાં મેણાં-ટોણાં મારવામાં આવતા હતા. લગ્નર્સને કેટલોય સમય વીતી જવા છતાં પરિણીતાને પ્રેગ્નન્સી ન રહેતા સાસુ અને પતિનો અસલી અને ક્રૂર ચહેરો બહાર આવ્યો હતો.

### કરિયાવરમાં 7 તોલા સોનું ઓછું પડતા પરિણીતા પર ત્રાસ, પતિ અને સાસુ-સસરા સામે નોંધાઈ ફરિયાદ

અમદાવાદના ઘોડાસરમાં 29 વર્ષીય પરિણીતાએ સાસરિયાઓ વિરુદ્ધ પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ડિસેમ્બર 2024માં થયેલા લગ્ન બાદ સાસરિયાઓએ દહેજમાં 8 તોલા સોનાની માંગણી કરી શારીરિક-માનસિક ત્રાસ ગુજાર્યો હતો. 'અમારા ઘરમાં 15 તોલા સોનાનો નિયમ છે' કહી મેણાં-ટોણાં મારતા હતા. પતિ, સાસુ, સસરા અને દિયર સામે ત્રાસ અને મારઝૂડની ફરિયાદ કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે. ઘોડાસર વિસ્તારમાં પુનિતનગર ક્રોસિંગ પાસે રહેતા સાસરિયાઓ વિરુદ્ધ 29 વર્ષીય પરિણીતાએ દહેજ પેટે વધુ 8 તોલા સોનું લાવવા બાબતે શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. પરિણીતાના બીજા લગ્ન ડિસેમ્બર 2024માં થયા હતા, જેમાં પિયરપક્ષે યથાશક્તિ કરિયાવર આપ્યો હોવા છતાં સાસરિયાઓએ 'અમારા ઘરમાં 15 તોલા સોનાનો નિયમ છે અને તારા પિતાએ માત્ર 7 તોલા આપ્યું છે' કહી મેણાં-ટોણાં મારી મારઝૂડ કરી હતી. છેલ્લા એક વર્ષથી પિયરમાં રહેતી પરિણીતા સાથે સામાજિક સમાધાનના પ્રયાસો નિષ્ફળ રહેતાં અંતે ફરિયાદ નોંધાવી છે.

### નારોલમાં જૂની અદાવતમાં 23 વર્ષના યુવકનું રિક્ષામાં અપહરણ, માથામાં છરી અને પગે કુહાડીના ઘા ઝીંક્યા

અમદાવાદના નારોલ વિસ્તારમાં પીપળજ રોડ પર જૂની અદાવતની દાઝ રાખી ચાર શખસોએ ભંગારના કારખાનામાંથી એક 23 વર્ષીય યુવકનું રિક્ષામાં અપહરણ કરી, ચાલુ રિક્ષામાં માથામાં છરી તેમજ શરીરે લોખંડના પંચના ઘા માર્યા. જે બાદ અવાવરૂ સ્થળે લઈ જઈ જમણા પગે કુહાડીના ઊંધા ઘા ઝીંકી ફ્રેક્ચર કરી નાસી છૂટ્યા હતા. બીજી બાજુ ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે નારોલ પોલીસે 4 હુમલાખોરો સામે અપહરણ, હુમલો સહુને ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી અનુસાર, અમદાવાદના ગણેશનગરમાં રહેતા અને મુસ્તુફા શેખના ભંગારના કારખાનામાં મજૂરીકામ કરતા 23 વર્ષીય આમીર સઈદ શેખ 11મી ઓક્ટોબરના રોજ બપોરે કારખાનામાં હાજર હતો. આ દરમિયાન અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખી સજ્જુ ઉર્ફે શહેઝાદ પઠાણ, તેનો ભાઈ ગુલ્લુ, બનેવી સતીષ ઉર્ફે ગડા તથા મુકેશ ત્યાં ધસી આવ્યા હતા. ચારેય શખસોએ આમીરને જબરજસ્તી સજ્જુની રિક્ષામાં બેસાડી અપહરણ કર્યું હતું.

### અમદાવાદ ઉત્તરની ઘટના

## ભુવાની વિધિ વગર ઘરમાં પ્રવેશ નહીં! સાસુની જીદ સામે પુત્રવધૂએ અભયમ બોલાવી

અમદાવાદ, સમીર પટેલ

અમદાવાદના ઉત્તર વિસ્તારમાં અંધશ્રદ્ધા સમાન વિધિને લઈને સાસુ-પુત્રવધૂ વચ્ચે વિવાદ સર્જાયો હતો. સાસુએ ભુવો બોલાવી દાણા જોવડાવ્યા બાદ ભુવો હા પાડે તો જ ઘરમાં પ્રવેશ આપવા જીદ પકડતાં પુત્રવધૂએ અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ માગી હતી. જોકે, સાસુ પોતાની વાત પર અડગ રહેતાં અને પુત્રવધૂને સાસરીમાં જ રહેવું હોવાથી અંતે ભુવાને બોલાવી દાણા જોવડાવવાની વિધિ કરવામાં આવી હતી. ભુવાએ હા પાડતાં પુત્રવધૂને ઘરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદના ઉત્તર વિસ્તારમાં રહેતાં પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હોવાથી પત્ની પિયર ચાલી ગઈ હતી. ત્યારબાદ પણ ઝઘડા ચાલુ રહેતાં પત્નીએ નજીકના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યાં પોલીસ દ્વારા બંને વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હતું. જોકે, સમાધાનના એક અઠવાડિયા બાદ પણ સાસરીમાંથી કોઈ તેને તેડવા ન આવતાં પત્ની જાતે જ સાસરે પહોંચી હતી. સાસરે પહોંચેલી પુત્રવધૂને સાસુએ ઘરમાં પ્રવેશ આપતાં પહેલાં ભુવો બોલાવી દાણા જોવડાવવાની વિધિ કરવાની શરત મૂકી હતી. ભુવો કહે તો જ ઘરમાં પ્રવેશ આપવા સાસુએ જીદ પકડી હતી. એટલું જ નહીં, પતિએ પણ માતાની વાત માનવી હોય તો જ ઘરમાં પ્રવેશ મળશે તેમ કહેતાં પુત્રવધૂ ઘરની બહાર ઊભી રહી અભયમની મદદ માગી હતી.

અભયમની ટીમ ઘટનાસ્થળે પહોંચતાં સાસુએ પોતાની શરતનો પુનરોચ્ચાર કર્યો હતો. આ પ્રકારની વિધિ કર્યા વગર ઘરમાં પ્રવેશ આપવાનો ઈનકાર કરતાં સાસુએ એવો પણ દાવો કર્યો હતો કે અગાઉ આવી વિધિની અવગણના કરતાં તેમના પુત્રનું મૃત્યુ થયું હતું. બીજી તરફ, પુત્રવધૂને સાસરીમાં રહેવાની ઈચ્છા હોવાથી અભયમની ટીમે તેને પણ સમજાવી હતી. અંતે સાસુ તાત્કાલિક ભુવાને બોલાવવા સંમત થયાં હતાં. ત્યારબાદ ભુવાને બોલાવી દાણા જોવડાવવામાં આવ્યા હતા. ભુવાએ હા પાડતાં સાસુએ પુત્રવધૂને ઘરમાં પ્રવેશ આપ્યો હતો અને વિવાદનો અંત આવ્યો હતો.

### મોંઘા પાસ છતાં એન્ટ્રી ન મળી

## જીગરદાન ગઢવીના ગરબામાં તોડફોડ અને હોબાળો: ખેલૈયાઓ ડોમમાં ઘૂસી ગયા!

અમદાવાદ

અમદાવાદના ન્યુ સાયન્સ સિટી રોડ પર જીગરદાન ગઢવીના AC ડોમ ગરબા વિવાદમાં સપડાયા છે. ફાયર NOC વિના જ ગરબા યોજાતા હતા, જેમાં લોકોના જીવ જોખમાય તેવી સ્થિતિ હતી. ફાયર ટીમે 4 વાર તપાસ કરી, છતાં રવિવારે રાત્રે 1 વાગ્યા સુધી ગરબા ચાલુ રહ્યા. આખરે પોલીસે મંગળવારે રાત્રે પરમિશન ન હોવાથી ગરબા બંધ કરાવ્યા, પરંતુ NOC વિના બંદોબસ્ત કોના ઈશારે અપાયો તે સવાલ ચર્ચામાં છે. જીગરદાન ગઢવીના ડોમમાં ફાયર એન.ઓ.સી. ન અપાઈ હોવા છતાં પહેલાં નોરતે ગરબા યોજાયા હતાં. લોકોના જીવ જોખમાય તેવી રીતે જીવતા વાયરો હોવા છતાં ગરબા રમાડાયાં હતાં અને પોલીસે ખેલ જોયો હતો. ન્યુ સાયન્સ સિટી રોડ ઉપર જીગરદાન ગઢવીના એસી ડોમ ગરબામાં ચકાસણી માટે ચાર વખત ફાયર ટીમ ગઈ હતી. રાત્રે એક સુધી ગરબા ચાલુ હોવાનું જણાતાં ફાયર એનઓસી વગર ડોમમાં ગરબા યોજાતાં ખેલૈયાઓ પાસેથી ધરખમ ફી વસૂલ્યા પછી ખેલૈયાઓ ઉપર જોખમની સ્થિતિ હોવાની ચર્ચા વચ્ચે પોલીસ, તંત્રનું મૌન ભેદી છે. પરમિશન ન હોવાથી મંગળવારે રાત્રે ગરબા બંધ રખાવ્યાનું પોલીસે જણાવ્યું હતું. અમદાવાદમાં ડોમના ગરબામાં કડક નિયમપાલનની મોટી-મોટી વાતો વચ્ચે છેવટે તંત્રએ કુલડીમાં ગોળ ભાંગી લીધો હોય તેમ જીગરદાન ગઢવીના ગરબા સામે શિર્ષાસન કર્યું હતું. એ.સી.ડોમમાં સરકારે બહાર પાડેલી ગાઈડ લાઈન મુજબ આયોજકોએ ફાયર બ્રિગેડની પરમિશન લીધી ન હતી જેના કારણે ફાયરે એન.ઓ.સી ન આપી ન હોવાથી પોલીસ પરમિશન આપી શકે તેમ ન હોવાથી આયોજકોએ પોલીસ કમિશનર કચેરીની લાયસન્સ બ્રાંચમાં અરજી કરી ન હતી.



## વસ્ત્રાલમાં મામા-ભાણાની બબાલ લોહિયાળ બની : સગીરનું મોત...

### મજાક-મસ્તી કરવા બાબતે ઠપકો આપતાં ભાણાએ મામા, મામી અને અન્ય વ્યક્તિ પર ચપ્પુથી હુમલો કર્યો

અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા ઈન્દિરાનગર ટેકરા પાસે 12મી ઓક્ટોબરે રાત્રે પેડલ રિક્ષામાં મજાક-મસ્તી કરતા સગીર ભાણાને મામાએ ઠપકો આપતા મામલો બિચક્યો. ઉશ્કેરાયેલા સગીરે મામા, મામી અને અન્ય એક વ્યક્તિ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત મામાએ ચપ્પુ છીનવી ભાણાને રહેંસી નાખતા તેનું મોત થયું. રામોલ પોલીસે હત્યા અને હત્યાના પ્રયાસની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા ઈન્દિરાનગર ટેકરા પાસે સોમવારે (12મી ઓક્ટોબર) રાત્રે મેદાનમાં પેડલ રિક્ષામાં



બેસી મજાક-મસ્તી કરતા સગીર ભાણાને મામાએ ઠપકો આપતાં મામલો લોહિયાળ બન્યો હતો. ઉશ્કેરાયેલા સગીરે મામા, મામી તથા અન્ય એક વ્યક્તિ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત મામાએ સગીર પાસેથી ચપ્પુ છીનવી તેના પર વળતો હુમલો કરી તેને પતાવી દીધો હતો. આ બનાવમાં સગીરનું મોત નીપજતાં રામોલ પોલીસે બંને પક્ષે હત્યા અને હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ સામસામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વસ્ત્રાલ રતનપુરા ગામ પાસે ઈન્દિરાનગર ટેકરા ખાતે રહેતા દિનેશ પ્રહલાદ દેવીપૂજક અને તેમના પત્ની પૂજાબહેન 12મી ઓક્ટોબરની રાત્રે મેદાનમાં બેઠા હતા. આ દરમિયાન તેમનો સગીર ભાણો વિશાલ તેના મિત્રો વિજય અને વિશ્વાસ સાથે પેડલ રિક્ષામાં બેસી જોરજોરથી મજાક-મસ્તી કરતો હતો. દિનેશે તેને મજાક-મસ્તી ન કરવા ઠપકો આપતાં સગીર ઉશ્કેરાઈ ગયો હતો અને ટેકરા પરથી ચપ્પુ લાવી દિનેશના પેટમાં ડાબી બાજુએ ઘા ઝીંકી દીધો હતો. વચ્ચે પડેલા મામી પૂજાબેનને કમરના ભાગે તથા સાથે રહેતા સુનિલ ઉર્ફે પોસ્કો સુરેશ દેવીપૂજકને છાતીના ભાગે ઈજા પહોંચાડી હતી.

## સ્કોર્પિયોમાં 'પોલીસ'નું બોર્ડ લગાવી ફટાકડા ફોડી શો-બાજી કરનાર ઝડપાયો

અમદાવાદ

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર જન્મદિવસની ઉજવણી દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા તેમજ સ્કોર્પિયો કાર પર ગેરકાયદેસર રીતે 'પોલીસ' લખેલું બોર્ડ લગાવી રોફ જમાવવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ વીડિયો ધ્યાન પર આવતાં સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરીને કારચાલક યુવકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં સ્કોર્પિયો કાર પર પોલીસ લખેલું બોર્ડ અને રિવરફ્રન્ટ પર જાહેરમાં ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણી કરાતી હોવાનું સ્પષ્ટ જણાતું હતું. પીઆઈ જે.પી. ચૌધરીની સૂચનાથી પોલીસે રિવરફ્રન્ટ વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસી સ્કોર્પિયો કારનો નંબર મેળવ્યો હતો. કાર માલિકની પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે, બોપલ-ધુમા રોડ પર રહેતો કિશન ભાલોડિયા તેમની કાર લઈને રિવરફ્રન્ટ પર ફરવા નીકળ્યો હતો.

### સાબરમતી રેલવે સ્ટેશન પર SMCનો દરોડો

## પ્લેટફોર્મ પરથી 3.25 લાખની વિદેશી દારૂની 719 બોટલો સાથે 10 શખ્સો ઝડપાયા!

અમદાવાદ

ગુજરાતમાં કાગળ પર દારૂબંધીના દાવાઓ વચ્ચે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે અમદાવાદમાં રેલવે પોલીસ અને સ્થાનિક તંત્રની મિલીભગતની પોલ ખોલી નાખતી સૌથી મોટી કાર્યવાહી કરી છે. અમદાવાદના સંવેદનશીલ અને વ્યસ્ત ગણાતા સાબરમતી રેલવે પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રેલવે પ્લેટફોર્મ પર SMC ની ટીમે અચાનક ત્રાટકીને લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ રેડથી ભ્રષ્ટ પોલીસ અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત સચોટ વિગતો મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે સાબરમતી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ટ્રેનો મારફતે કે અન્ય કોઈ રસ્તે મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે SMC ની ટમે રેલવે સ્ટેશન પર સઘન વોચ ગોઠવીને દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે પ્લેટફોર્મ પરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૭૧૯ બોટલો કબજે કરી હતી, જેની આંતરરાષ્ટ્રીય અને બજાર કિંમત અંદાજે રૂ. ૩.૨૫ લાખ જેટલી થાય છે. રેલવે સ્ટેશન જેવા સુરક્ષિત અને પોલીસ છાવણી જેવા વિસ્તારમાંથી આટલો મોટો દારૂનો જથ્થો ઝડપાવાથી સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા થયા છે. આ દરોડામાં SMC ની ટીમે સ્થળ પરથી દારૂની હેરાફેરી અને વેરહાઉસિંગ સાથે સંકળાયેલા ૧૦ જેટલા આરોપીઓને રંગેહાથ દબોચી લીધા છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આ ગુનામાં અન્ય ૩ મુખ્ય આરોપીઓની સંડોવણી પણ ખૂલી છે, જે હાલ પોલીસ પકડથી દૂર ફરાર છે. SMC દ્વારા ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. સૌથી મોટો સવાલ એ ઉદભવ થઈ રહ્યો છે કે શું સ્થાનિક રેલવે પોલીસની જાણ વગર રેલવે પ્લેટફોર્મ પર આટલા મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઉતરી શકે ખરો? સૂત્રોના જણાવ્યા મુજબ, સાબરમતી રેલવે પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને તેમનો કુખ્યાત 'વહીવટદાર' સીધી રીતે શંકાના ઘેરામાં આવી ગયા છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI